સુવિચાર

જગતમાં માણસ સિવાય જેમ બીજું કોઇ મોટું નથી, તેમ માણસના ચારિત્ર્ય સિવાય બીજું કાંઇ પણ મોટું નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટ-અમદાવાદ હાઈવે પર એરપોર્ટ જવાના રસ્તે રૂ.૨૬.૪૦ લાખના દારૂ ભરેલુ આઈસર ઝડપાયું P-4

Year-16, Issue-109 ■ DATE : 13-08-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સ્વતંત્રતા દિવસથી ફાસ્ટ ટેગ વાર્ષિક પાસ શરૂ કરાશે

## ગ્રાહકો એક વખતની ૩,૦૦૦ રૂપિયાની ચુકવણી સાથે એક વર્ષ સુધી અથવા ૨૦૦ ટોલ ક્રોસિંગ સુધી મુસાફરી કરી શકશેઃ વાહન ચાલકોની સુવિધા વધશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએ આઈ) દ્વારા ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસથી ફાસ્ટ ટેગ એન્યુઅલ પાસ શરૂ કરવામાં આવી રહ્યો છે, જે હાઈવે પર મુસાફરીને વધુ સરળ અને સસ્તી બનાવશે. આ નવો પાસ ખાસ કરીને નિયમિત મુસાફરી કરનારા ખાનગી વાહન ચાલકો માટે બનાવવામાં આવ્યો છે.

આ પાસ હેઠળ, ગ્રાહકો એક વખતની ૩,૦૦૦ રૂપિયાની ચુકવણી સાથે એક વર્ષ સુધી અથવા ૨૦૦ ટોલ ક્રોસિગ સુધી મુસાફરી કરી શકશે. આ નિર્ણયથી ટોલ પ્લાઝા પર રાહ જોવાનો સમય ઘટાડવા અને મુસાફરીને વધુ અનુકૂળ બનાવવાનો પ્રયાસ છે.

એનએચએઆઈએ આ વર્ષે જૂનમાં ફાસ્ટ ટેગ એન્યુઅલ પાસની જાહેરાત કરી હતી, જે ખાનગી કાર, જીપ અને વેન જેવા બિન-વ્યાપારી વાહનો માટે પ્રીપેડ ટોલ પ્લાન છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે આ પાસ ૬૦ કિલોમીટરની રેન્જમાં આવેલા ટોલ પ્લાઝાની સમસ્યાઓનું સમાધાન કરશે અને એક જ ચુકવણી દ્વારા ટોલ ચૂકવણીને સરળ બનાવશે.

આ પાસને ફાસ્ટ ટેગ સાથે લિંક કરી શકાય છે, જે વાહનના નોંધણી નંબર સાથે જોડાયેલ હોવો જોઈએ. આ યોજના નેશનલ હાઈવે અને એક્સપ્રેસવે જેમ કે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે, મુંબઈ-નાસિક, મુંબઈ-સુરત અને મુંબઈ-રત્નાગિરી માર્ગો પર લાગુ થશે.

ફાસ્ટ ટેગ એન્યુઅલ પાસ ખરીદવા માટે ગ્રાહકોએ રાજમાર્ગ યાત્રા એપ અથવા એનએચએઆઈ/એમઓઆરટી એચ વેબસાઈટ પર જવું પડશે. ત્યાં વાહન નંબર અને ફાસ્ટ ટેગ આઈડી જેવી વિગતો દાખલ કરીને લોગઈન કરવું પડશે. ફાસ્ટ ટેગ સક્રિય, યોગ્ય રીતે સ્થાપિત અને વાહન સાથે લિંક હોવું જરૂરી છે.

આ પછી, યુપીઆઈ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ અથવા નેટ બેન્કિંગ દ્વારા ૩,૦૦૦ રૂપિયાની ચુકવણી કરવી પડશે. ચુકવણી પછી પાસ તમારા હાલના ફાસ્ટ ટેગ સાથે જોડાઈ જશે, અને ૧૫ ઓગસ્ટે એક લ્પ્લ દ્વારા સક્રિયકરણની પુષ્ટિ મળશે. આ પાસ રોજિદા મુસાફરો માટે વારંવાર રિચાર્જની જરૂરિયાત ઘટાડશે.

૧૫ ઓગસ્ટથી, એનએચએઆઈ અથવા એમઓઆરટીએચ હેઠળનાફાસ્ટ ટેગ -સક્ષમ ટોલ પ્લાઝા પરથી પસાર થતી દરેક વખતે એક ટ્રીપ બાદ કરવામાં આવશે. ૨૦૦ ટ્રીપ્સની મર્યાદા અથવા એક વર્ષ પૂર્ણ થયા પછી, સિસ્ટમ આપોઆપ નિયમિત પે-પર-યુઝ ફાસ્ટ ટેગ પર સ્વિચ થઈ જશે. આ પાસ ફક્ત ખાનગી વાહનો માટે માન્ય છે અને વ્યાપારી વાહનો માટે લાગુ નથી. તે બદલી શકાતો નથી, રિફંડેબલ નથી અને ફક્ત નોંધાયેલા વાહન સાથે જ કામ કરે છે.

આ યોજના ફક્ત રાષ્ટ્રીય રાજમાર્ગો અને એક્સપ્રેસવે પર જ લાગુ થશે, જ્યારે રાજ્યના રાજમાર્ગો અથવા મ્યુનિસિપલ ટોલ રોડ પર નિયમિત ફાસ્ટ ટેગ ચાર્જ લાગશે. આ પાસમાં ઓટો-રિન્યૂઅલનો વિકલ્પ નથી, તેથી સમાપ્તિ પછી ફરીથી અરજી કરવી પડશે.

ફાસ્ટ ટેગ એન્યુઅલ પાસ ટોલ પ્લાઝા પર ભીડ અને વિવાદો ઘટાડીને મુસાફરીને ઝડપી અને સરળ બનાવશે. આ યોજના ખાસ કરીને દૈનિક મુસાફરો માટે ફાયદાકારક છે, કારણ કે તે વારંવાર રિચાર્જની ઝંઝટ ઘટાડે છે.

જોકે, આ પાસ રાજ્ય દ્વારા સંચાલિત રાજમાર્ગો જેમ કે મુંબઈ-પુણે એક્સપ્રેસવે, મુંબઈ-નાગપુર એક્સપ્રેસવે (સમૃદ્ધિ મહામાર્ગ), અટલ સેતુ, આગ્રા-લખનૌ એક્સપ્રેસવે, બેંગલુરુ-મૈસૂર એક્સપ્રેસવે અને અમદાવાદ-વડોદરા એક્સપ્રેસવે પર લાગુ નહીં થાય, જ્યાં નિયમિત ફાસ્ટ ટેગ ચાર્જ લાગશે. આ યોજના દેશભરના રાષ્ટ્રીય રાજમાર્ગો પર મુસાફરી કરનારાઓ માટે એક નવી સુવિધા લાવશે.

# ભારતની ૨૦30 કોમનવેલ્થ ગેમ્સની મેજબાની માટેના બિડને મંજૂરી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતે કોમનવેલ્થ ગેમ્સની મેજબાની માટે બિડને મંજૂરી આપી છે. ભારતીય ઓલિમ્પિક સંઘએ ઓફિશિયલી કોમનવેલ્થ ગેમ્સ માટે મંજૂરી આપી દીધી છે. જેનાથી દેશની આશાઓ વધી છે. સીડબ્લ્યૂજી ૨૦30નો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવશે અને જો ભારતને મેજબાની મળશે તો તેનું આયોજન અમદાવાદમાં કરાશે. આઈઓએ દ્વારા તેની સ્પેશિયલ જનરલ એસેમ્બલીમાં ૨૦30 કોમનવેલ્થ ગેમ્સ બિડને મંજૂરી આપવામાં આવી હતી. આ બિડના દસ્તાવેજ જમા કરવાની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ છે.

ભારતે અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦30નું આયોજન કરવા માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ રજૂ કરી દીધા છે. જેના માટે ૩૧ ઓગસ્ટ સુધીમાં ભારતે ફાઈનલ બીડનો પ્રસ્તાવ રજૂ કરવાનો રહેશે. કેનેડાએ કોમન વેલ્થ ગેમ્સની મેજબાની માટેનું બિડ પાછું ખેંચી લેતાં ભારત માટે તકો વધી છે.

ભારતના કોમનવેલ્થ ગેમ્સ ૨૦30ના બિડને ધ્યાનમાં લેતાં કોમનવેલ્થ સ્પોર્ટના ડિરેક્ટર ગેમ્સ ડેરેન હોલે હાલમાં જ અમદાવાદમાં સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. તેમજ ગુજરાત સરકારના અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી હતી. આ મહિનાના અંતમાં કોમનવેલ્થ સ્પોર્ટનું વધુ એક મોટુ ડેલિગેશન અમદાવાદ આવી શકે છે.

# રાજસ્થાનના દૌસામાં ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૧૦ના મોત

**મુખ્ય સમાચાર, દૌસા**

રાજસ્થાનના દૌસામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. ખાટુશ્યામ મંદિરના દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની કાર એક પિકઅપ ટ્રક સાથે અથડાઈ હતી. આ દરમિયાન, એક ભયાનક અકસ્માત થયો અને ૧૦ લોકોના મોત નિપજ્યા હતા. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ૭ બાળકો અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે.

આ વિશે પોલીસે માહિતી આપતા જણાવ્યું કે, 'ખાટુશ્યામ મંદિરથી આવી રહેલા શ્રદ્ધાળુઓ અકસ્માતનો શિકાર બન્યા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત નિપજ્યા છે અને ૧૦ જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આશરે ૭-૮ લોકોને જયપુરની એસએમએસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા છે અને તેમની ઓળખ કરી પરિજનોને જાણ કરવાની કામગીરી હાથ ધરી છે. આ સિવાય ઘટનાસ્થળે આસપાસના લોકોની પૂછપરછ કરી અકસ્માતનો ગુનો દાખલ કર્યો છે. આ મામલે પીએમ રિપોર્ટ બાદ પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરશે. દૌસાના જિલ્લા કલેક્ટર દેવેન્દ્ર કુમારે કહ્યું કે, 'પ્રાથમિક માહિતી મુજબ, બાપી પાસે એક અકસ્માતમાં ૧૦ લોકોના મોત નિપજ્યા છે. ૯ જેટલા લોકોને સારવાર માટે રાજસ્થાન ખસેડવામાં આવ્યા છે અને ૩ દર્દી જિલ્લાની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

# ટેરીફ વોર વચ્ચે વડાપ્રધાન મોદી સપ્ટેમ્બરમાં અમેરિકા જશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ યુદ્ધ વચ્ચે વડા પ્રધાન મોદી સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં અમેરિકાની મુલાકાત લઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ મુલાકાતનું ઔપચારિક કારણ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ) માં હાજરી આપવાનું છે પરંતુ વાસ્તવિક ધ્યાન વેપાર વિવાદને ઉકેલવા અને ટેરિફ પર સર્વસંમતિ મેળવવા માટે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવાનું રહેશે. આ દરમિયાન બંને નેતાઓ વેપાર કરારની જાહેરાત પણ કરી શકે છે

ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૧૫ ઓગસ્ટે મળવાના છે, જેમાં યુક્રેન યુદ્ધના ઉકેલ પર ચર્ચા કરવામાં આવશે. પીએમ મોદીએ તાજેતરમાં પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે વાત કરી છે. ભારત માને છે કે સંઘર્ષનો ઉકેલ લાવવો બંને દેશોના હિતમાં છે અને આ સંદેશ બંને નેતાઓને આપવામાં આવ્યો છે.

ભારત-અમેરિકન વાટાઘાટકારો પહેલાથી જ બંને દેશો વચ્ચે વેપાર કરારની નજીક હતા, પરંતુ યુએસ પ્રમુખ ટ્રમ્પ વર્તમાન ડ્રાફ્ટથી સંતુષ્ટ નથી. નવી શરતો માટે ચર્ચા ચાલી રહી છે. બંને પક્ષો મિશન ૫૦૦ હેઠળ ૨૦30 સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦૦ બિલિયન સુધી લઈ જવાના લક્ષ્ય પર કામ કરી રહ્યા છે. ફેબ્રુઆરીમાં અમેરિકામાં મોદી-ટ્રમ્પની મુલાકાત દરમિયાન, બંને દેશો સંમત થયા હતા કે બહુ-ક્ષેત્રીય દ્વિપક્ષીય વેપાર કરારનો પ્રથમ તબક્કો આ વર્ષે તૈયાર થશે.

ભારતે ૨૬ સપ્ટેમ્બરની સવારે ખાતે મોદી માટે ૧૫ મિનિટનો ભાષણ આપવાનો સમય નક્કી કર્યો છે, જ્યારે ટ્રમ્પનું ભાષણ ૨૩ સપ્ટેમ્બરે હશે. સોમવારે ફોન પર મોદી સાથે વાત કર્યા બાદ ઝેલેન્સકીએ એમ પણ કહ્યું હતું કે તેઓ સપ્ટેમ્બરમાં શ્ક્ઝ્ખ દરમિયાન વ્યક્તિગત મુલાકાત માટે સંમત થયા છે. મોદીની તેમની યુએસ મુલાકાત દરમિયાન અન્ય વિશ્વ નેતાઓ સાથે દ્વિપક્ષીય મુલાકાતો પણ સુનિતિ થઈ શકે છે.

તાજેતરના મહિનાઓમાં ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ રહ્યો છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી, જેને ભારતે સ્પષ્ટપણે નકારી કાઢી હતી. આ પછી, ટ્રમ્પે ભારત પર ૫૦% ટેરિફ લાદ્યો હતો. તેમ છતાં, બંને દેશોને વ્યૂહાત્મક ભાગીદાર માનવામાં આવે છે અને સૂત્રો કહે છે કે મોદીની મુલાકાત સંબંધોને સામાન્ય બનાવવ-ામાં મદદ કરશે અને ઓક્ટોબરમાં ક્વાડ નેતાઓની સમિટ માટે ટ્રમ્પની ભારત મુલાકાત માટે માર્ગ મોકળો કરશે.

# શાહબાઝ શરીફે ફરી બણગા ફૂંકયાઃ સિંધુ જળ મુદે ભારતને આપી ધમકી

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**



પહલગામમાં આતંકી હુમલા બાદથી ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં ખટાશ વધી ગઈ છે. બંને દેશો વચ્ચે અમુક દિવસો સુધી તો અથડામણની સ્થિતિ પણ જોવા મળી હતી. જ્યારે ભારત તરફથી મોટી કાર્યવાહી કરવામાં આવતા સિંધુ જળ સંધિને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી. ત્યારથી પાકિસ્તાન પાણીના દરેક ટીપા માટે તડપી રહ્યું હોય તેવું દેખાય છે.

પાકિસ્તાનની હતાશા હવે ખુલ્લીને બહાર આવી રહી છે. પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી બિલ-ાવલ ભુટ્ટો ઝરદારી અને પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ અસીમ મુનીર પછી હવે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ પાણી અંગે ભારતને ધમકી આપી છે. તેમણે કહ્યું કે ભારત પાકિસ્તાનના હકનું પાણીનું એક ટીપું પણ છીનવી શકશે નહીં.

બીજી તરફ, ભારતે ચિનાબ નદી પર નેશનલ હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ જમ્મુ અને કાશ્મીરના સિંધુ ગામ નજીક બનવાનો છે અને તેના માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

પાકિસ્તાનને ડર છે કે ભારતના આ પગલાને કારણે ભારત તેનું પાણી રોકી દેશે. આ ડરને કારણે, પાકિસ્તાને પરમાણુ બોમ્બથી હુમલા કરવાની ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું છે.

ઈસ્લામાબાદમાં આયોજિત એક કાર્યક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે તેમનો દેશ ભારતને તેના હકના પાણીનું એક ટીપું પણ છીનવા નહીં દે. તેમણે નદીના પ્રવાહને રોકવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

આજે હું દુશ્મનને કહેવા માંગુ છું કે જો તેઓ પાણી રોકવાની ધમકી આપે છે, તો યાદ રાખજો કે પાકિસ્તાનના પાણીનું એક ટીપું પણ છીનવી નહીં શકો. જો તમે આવું કરવાનો પ્રયાસ કરશો, તો યાદ રાખો કે તમને પાઠ ભણાવવામાં આવશે અને તમને તમારા કાન પકડવાની ફરજ પાડવામાં આવશે.

# મુંબઈમાં ગણેશોત્સવ દરમ્યાન ડીજે પર પ્રતિબંધ

## બોમ્બે હાઈકોર્ટે ધ્વનિ પ્રદૂષણ રોકવા નિર્ણય કર્યો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈમાં ગણેશોત્સવની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને પ્રશાસન અને પોલીસ પણ આ તહેવારને એકદમ શાંતિપૂર્ણ રાખવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. ૧૦ ઓગસ્ટ, રવિવારના રોજ શહેરમાં ગણેશોત્સવની ઉજવણી શરૂ થઈ ત્યારે, લાલબાગ, પરેલ અને દાદર જેવા મુખ્ય મંડળોમાંથી ગણપતિઓનું આગમન પરંપરાગત ઢોલ-નગારા સાથે થયું હતું.

જોકે, તહેવારોની ઉજવણી પહેલા, મુંબઈ પોલીસે એક કડક ચેતવણી જાહેર કરી હતી કે તહેવાર દરમિયાન ડીજે પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે અને ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.



બોમ્બે હાઈ કોર્ટે ધ્વનિ પ્રદૂષણને રોકવા માટે ગણેશોત્સવ દરમિયાન મુંબઈમાં ડીજેના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. આ આદેશ હેઠળ રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી અવાજનું સ્તર ૫૦ ડેસિબલ સુધી મર્યાદિત રાખવું પડશે, અને જો કોઈ તેનું ઉલ્લંઘન કરશે તો તેમનું સ્પીકર્સ, મ્યુઝિક મિક્સર અને ડીજે સિસ્ટમ સહિતના બધા સાધનો જપ્ત કરવામાં આવશે. કોર્ટે એમ્પ્લીફાઈડ સંગીતને બદલે પરંપરાગત વાદ્યોનો ઉપયોગ કરવાની વિનંતી કરી છે.

કેટલાક આયોજકો અને કાર્યકરો દલીલ કરે છે કે આ પ્રતિબંધો અન્યાયી રીતે માત્ર હિન્દુ તહેવારોને નિશાન બનાવે છે. ચિંચપોકલી ચિંતામણિ સાર્વજનિક મંડળના સેક્રેટરી ગજેન્દ્ર બાણેએ જણાવ્યું હતું કે વર્ષભર ઘણા અન્ય કાર્યક્રમોમાં ડીજે વગાડવામાં આવે છે, પરંતુ ગણેશોત્સવ દરમિયાન પ્રતિબંધોનો સૌથી કડક અમલ થતો હોય તેવું લાગે છે.

પ્રશાસન ભાર મૂકે છે કે ભૂતકાળમાં મોટા અવાજે ડીજે સંગીતને કારણે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ છે, જેમાં કેટલાક કિસ્સાઓમાં મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. વરિષ્ઠ નેતાઓ અને સમુદાયના વડીલો દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવી હોવા છતાં, કેટલાક મંડળોએ સરઘસો દરમિયાન વધુ પડતું મોટેથી સંગીત વગાડવાનું ચાલુ રાખ્યું છે.

જો પ્રતિબંધનો ભંગ કરવામાં આવે છે, તો માત્ર આયોજકોને દંડ અને સાધનો જપ્ત થઈ શકે છે, પરંતુ મંડળનું લાઈસન્સ રદ કરવામાં આવી શકે છે અને તેમના મંડપો પર વધારાના પ્રતિબંધો લાદવામાં આવી શકે છે. પોલીસ કહે છે કે તેઓ પાલન સુનિશ્ચિત કરવા માટે સરઘસોનું નજીકથી નિરીક્ષણ કરશે.

પુણે બાદ હવે મુંબઈમાં પણ ગણેશોત્સવ દરમ્યાન ડિસ્ક જોકી દ્વારા વગાડવામાં આવતા ઘોંઘાટિયા મ્યુઝિક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ધ્વનિ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને મુંબઈ હાઈકોર્ટે અને ડોલ્બી સિસ્ટમ પર મૂકેલો પ્રતિબંધ યથાવત્? રાખ્યો છે. હાઈકોર્ટના આ આદેશનું ઉલ્લંઘન કરનાર પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

હાઈ કોર્ટે માત્ર ગણેશોત્સવ જ નહીં, તમામ તહેવારો માટે ધ્વનિપ્રદૂષણની મર્યાદા ધ્યાનમાં રાખવાનું સૂચન કર્યું છે. ધ્વનિપ્રદૂષણ ટાળીને ઉત્સવો શાંતિથી ઊજવવાની અપીલ અદાલતે કરી હતી. આ આદેશનું પાલન ન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે એમ અદાલતે સ્પષ્ટતા કરી હતી.

# યુપીઆઇ વ્યવહારોને આધારે કોઇ નોટીસ ઇશ્યુ થઇ નથીઃ નિર્મલા સીતારામન



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

યુપીઆઇ વ્યવહારોના આધારે નાના વેપારીઓને જીએસટી નોટીસોનો વિવાદ ભરપુર ચગ્યા બાદ સરકારે એવી ચોખવટ કરી છે કે વેપારીઓને યુપીઆઇ વ્યવહારોના આધારે કોઇ નોટીસ આપવામાં આવી નથી.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામને સંસદમાં કહયું હતું કે, સેન્ટ્રલ જીએસટી દ્વારા યુપીઆઇ ટ્રાન્ઝેકશનના આધારે કોઇ નોટીસ ઇશ્યુ કરવામાં આવી નથી. કર્ણાટકમાં નાના વેપારીઓ-સ્ટ્રીટ વેન્ડરને નોટીસોથી ગત મહીને જબરો ઉહાપોહ થયો હતો.

નાના વેપારીઓએ યુપીઆઇ મારફત પેમેન્ટ સ્વકારવાનું બંધ કરી દીધું હતું. અને માત્ર રોકડ વ્યવહાર જ કરવાનું જાહેર કયું હતું. ગુજરાત સહીતના રાજયોમાં પણ તેના પડઘા પડવા લાગ્યા હતાં.

કેન્દ્રીય નાણામંત્રીએ કર્ણાટકનો જીએસટી કામગીરીનો રીપોર્ટ પણ રજુ કર્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કર્ણાટકમાં જીએસટી ચોરીના ૧૨૫૪ કેસ પકડાતા આ ૩૯૫૭૭ કરોડની જીએસટી ચોરીનો ખુલાસો થયો હતો. આગલા વર્ષે ૭૨૦૨ કરોડની તથા ૨૦૨૨-૨૩માં ૯૫૯ કેસોમાં ૨૫૮૩૯ કરોડની જીએસટી ચોરી પકડાઇ હતી.

નાના વેપારીઓ તથા સ્ટ્રીટ વેન્ડરોને જીએસટી વિભાગ તરફથી હજારો નોટીસ ઇશ્યુ કરવાના દાવા સાથે ઉહાપોહ થયો હતો. નોટીસમાં વેપારીઓને જીએસટી રજીસ્ટ્રેશન નહીં કરાવીને કાયદાનો ભંગ કરવાનું કહેવાયું હતું.

આ વેપારીઓને યુપીઆઇ કે પીઓએસ મશીન મારફત રૂ.૨૦ લાખ કે ૪૦ લાખથી વધુના પેમેન્ટ થયાં હોવાથી જીએસટીના દાયરામાં આવી જતા હોવાનું કહેવાયુ હતું.

જીએસટી નોટીસના ઘટનાક્રમ બાદ સેંકડો નાના વેપારીઓએ માત્ર રોકડામાં જ વ્યવહાર કરવાનું શરૂ કરી દીધું હતું. ટેકસ વિભાગની તવાઇના ડર હેઠળ યુપીઆઇ મારફત પેમેન્ટ સ્વકારવાનું બંધ કરી દીધું હતું. બે મહિના પુર્વે જીએસટી વિભાગ દ્વારા અધીકારીઓને સુચના આપીને ટેકસથી છટકવાના ઇરાદા જ રોકડ વ્યવહાર કરતા ક્ષેત્રોના વેપારીઓની તલાશ કરવાની સુચના આપી હતી.

જીએસટી કાયદા પ્રમાણે નાના વેપારીઓનું વાર્ષિક ટર્નઓવર ૪૦ લાખથી વધુ હોય તો જીએસટી રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ડીજીટલ યુગમાં ઓનલાઇન વ્યવહારનો ટ્રેન્ડ વધતો રહયો છે. નાના વેપારીઓને પણ યુપીઆઇથી પેમેન્ટ થતાં હોવાથી ટેકસી એજન્સીઓને ધ્યાને આવી જવાનું સ્પષ્ટ છે.

લોકસભામાં ભાજપના સાંસદોએ નોટીસનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. એવો પણ પેટાપ્રશ્ન ઉઠાવ્યો હતો કે નિયમની છટકબારીથી ટેકસચોરી થાય છે કે કેમ ? તેનો જવાબ પણ નાણામંત્રીએ નકારમાં આપ્યો હતો.

# જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં મેઘતાંડવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ચોમાસાથી અનેક રાજયોને અસર થઈ છે. ઉતરાખંડ, હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદથી હાલત ગંભીર છે. જયારે મેદાનના વિસ્તારોમાં પૂરનો ખતરો વધી ગયો છે. હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીર, ઉતરાખંડ અને તેલંગાણા માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે, યુપી અને બિહારમાં નદીઓ બે કાંઠે છે જેનાથી ૧૭ લાખ લોકોને અસર થઈ છે.

હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીર, ઉતરાખંડ અને તેલંગાણા માટે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ રાજયોમાં ભારેથી અતિ ભારે કડાકા ભડાકા અને વીજળીના પડવા સાથે વરસાદની આગાહી કરી છે.

યુપી અને બિહારમાં ભારે વરસાદના કારણે નદીઓ બે કાંઠે વહી રહી છે. ગંગા અને કોસી સહિત રાજયની બધી નદીઓ ગાંડીતૂર થઈ છે. પુરનું પાણી લોકોના ઘરમાં ઘુસી ગયું છે. બિહારમાં ૧૨ જીલ્લામાં લગભગ ૧૭ લાખ લોકોને પૂરની અસર થઈ છે.

યુપી, બિહારમાં ભારે વરસાદની સંભાવના છે હવામાન વિભાગે બન્ને રાજયોમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આઈએમડી અનુસાર યુપીના ૫૫ જીલ્લામાં વરસાદનું એલર્ટ છે. જયારે બિહારના ૨૪ જીલ્લામાં ભારે વરસાદ વરસી શકે છે.

ઉતરાખંડમાં ૫ ઓગષ્ટથી હવામાન સતત ખરાબ છે. હવામાન વિભાગે આજે પણ મુશળધાર વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલ પ્રદેશમાં ૧૫ ઓગષ્ટ સુધીમાં ૫ જીલ્લા કુલુ, ઉના, હમીરપુર, ચંબા, સોલનમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના દર્શાવી છે. સાથે સાથે કિન્નોર, લાહુલ અને સ્પીતીયા ફલેશ ફલડની પણ આશંકા છે.

દિલ્હીમાં પણ હવામાન વિભાગે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ, ઝારખંડ, છતીસગઢ, ઓડિશા, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના કેટલાક વિસ્તારોમાં વરસાદનું એલર્ટ જાહેર કરાયું છે. રાજસ્થાન, ગુજરાત અને ગોવાના કેટલાક ભાગોને છોડીને બાકી રાજયોમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક


# નારી વંદન ઉત્સવ અંતર્ગત કાલાવડ તાલુકાના મોટી માટલી ગામે 'મહિલા નેતૃત્વ દિવસ'ની ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગર દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત કાલાવડ તાલુકાના મોટી માટલી ગામે ''મહિલા નેતૃત્વ દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની આગવી ભૂમિકા અને તેમના યોગદાનને બિરદાવાઈ હતી.

કાર્યક્રમમાં જિલ્લા સામાજિક કલ્યાણ સમિતિના ચેરમેન ગોમતીબેન ચાવડાએ મહિલા નેતૃત્વનું મહત્વ સમજાવી વિવિધ ક્ષેત્રોમાં સફળ મહિલાઓ વિશે માહિતી આપી દીકરીઓને પ્રોત્સાહિત કરી હતી. એડવોકેટ કુંજ દ્વારા દીકરીઓને પોક્સો એક્ટ વિશે જાણકારી આપી કાયદાકીય સુરક્ષા અંગે જાગૃત કર્યા હતા. DHEWના GS હેતલબેન ચાવડાએ દીકરીઓને માસિક સ્વચ્છતા વિશે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત, DHEW, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર અને SHE ટીમ જેવી સંસ્થાઓ દ્વારા મહિલાઓ અને બાળકો માટે ઉપલબ્ધ વિવિધ સેવાઓ અને સરકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.આ પ્રસંગે, મહિલા સરપંચ અને કૃષિ તેમજ પશુપાલન જેવા ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વક્તવ્ય આપનાર દીકરીઓનું પણ સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવી. કાર્યક્રમના અંતે, ઉપસ્થિત તમામ દીકરીઓને સેનેટરી પેડ્સ અને ICE મટીરીયલનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગના કર્મચારીઓએ પણ સક્રિય ભૂમિકા ભજવી હતી.મહિલા અને બાળ અધિકારી ડો.પૂજાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સરપંચ રામજીભાઈ મકવાણા, ઉપસરપંચ ધનજીભાઈ સહિત અનેક મહાનુભાવો અને ગામની મહિલાઓ તથા દીકરીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નાગપંચમીએ હજારો શ્રધ્ધાળુઓએ નાગદાદાને કર્યા નમન



આજે શ્રાવણ વદ પાંચમ. જેને નાગપંચમી તરીકે મનાવવામાં આવે છે. ભગવાન શિવશંભુના ઘરેણા સમાન નાગદાદાની ભક્તિ કરવાનો આજે વિશેષ દિવસ છે. રાજકોટના ખુબ જુના એવા રાજશ્રી ટોકીઝની નીચેના ભોયરામાં આવેલ નાગદાદાના મંદિરે પણ મોટી સંખ્યામાં લોકોએ પૂજન દર્શનનો લાભ લીધો હતો. ઉપરાંત આર.કે.સી. મેદાનમાં આવેલ નાગદાદાનું મંદિર, રૈયા રોડ પર આવેલ વાસંગી દાદાનું મંદિર, ગાંધીગ્રામમાં આવેલ જોડીયા નાગદાદાનું મંદિર પણ દર્શનાર્થીઓથી ઉભરાયુ હતુ.

# વડિયાના મોરવાડા ગામે સિંહે ગાયનું મારણ કરતા ખેડૂતોમાં ભયનો માહોલ

## સિંહ ખેતરમાં હોવાનો વિડીયો વાઈરલ વન વિભાગને જાણ કરાઈ



**મુખ્ય સમાચાર, વડિયા**

અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા એવા વડિયા ના મોરવાડા ગામે સિંહ પરિવારે ગાયનું મારણ કર્યા ના સમાચાર વાયુવેગે ફેલાયા હતા. આ બાબતે સ્થાનિક સંપર્ક કરતા ગામ એક ખેડૂતે જણાવ્યા અનુસાર સિંહ પરિવાર દ્વારા ગામમાં ગાયનું મારણ કર્યું હતુ અને વાડી વિસ્તાર માં આટાફેરા કરતા જોવા મળ્યા હતા. હાલ ચોમાસુ પાક વરસાદ ના અભાવે મુરજાતો હોવાથી ખેડૂતો પોતાના ખેતર માં પાકમાં પાણી વાળવાની કામગીરી કરતા હોય, રાત દિવસ વાડીએ મજૂરો વસવાટ કરતા હોય અને ગામમાં પશુપાલકો પાસે પશુઓ પણ મોટી સંખ્યા માં હોવાથી વડિયા ના ગ્રામીણ વિસ્તાર માં હાલ ભાયનો માહોલ ફેલાયો છે. તો મોરવાડા ગામે ગાયના મારણ અને સીંહ ના વિડિઓ પણ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા જોવા મળ્યા છે.

# જોડીયા તાલુકામાં જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલૂની સૂચના મુજબ દારૂ અને જુગારની બદી નાબૂદ કરવાની કામગીરી ચાલી રહી છે. એલસીબીના પીઆઈ વી.એમ.લગારીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે જોડીયા તાલુકામાં સફળ કાર્યવાહી કરી છે.એલસીબી સ્ટાફને મળેલી બાતમીના આધારે જીરાગઢ ગામની સીમમાં ધાંગારીના રસ્તે આવેલી મગનભાઈ રાઠોડની વાડીએ દરોડો પાડ્યો હતો. અહીં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૧૦ શખ્સોને પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી રોકડ રૂ.૧,૭૦,૫૦૦, ૧૧ મોબાઈલ ફોન કિંમત રૂ.૬૫,૦૦૦, સાત મોટરસાયકલ કિંમત રૂ.૨.૧૦ લાખ અને ગંજીપત્તાના પાના મળી કુલ રૂ.૪,૪૫,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પકડાયેલા આરોપીઓમાં ભાવેશ સુરેશભાઈ વરૂ, ગૌરાંગ હેમરાજભાઈ રાઠોડ, કિશોર તરશીભાઈ ટાંક, દયાળજી પ્રેમજીભાઈ કાચા, અશોક કુંવરજીભાઈ ચોટલીયા, જયેશ પ્રભુલાલ વેગડ, બેચર દામજીભાઈ વરૂ, ભરત છગનભાઈ મનાણી, ભાવેશ પીતાંબરભાઈ ચોટલીયા અને મુકેશ વસંતભાઈ રામપરિયાનો સમાવેશ થાય છે. તમામ આરોપીઓ જીરાગઢ ગામના રહેવાસી છે. પોલીસ હેડ કોન્સ્ટેબલ કાસમભાઈ બ્લોચની ફરિયાદના આધારે એએસઆઈ દિલીપભાઈ તલાવડીયાએ જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાયલાના નાગડકા ગામમાં ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાનુ કારખાનું ઝડપાયું



## કેમીકલ, બોટલ, બે પીકઅપ સહિત ૯.૯૭ લાખના મુદામાલ સાથે બે શખ્સની અટકાયત કરાઈ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સાયલના નાગડકામાં જાણીતી કંપનીને ભળતાં સ્ટીકર, બોટલ કેપ લગાવી નકલી દારૂ વેચાણનો પર્દાફાશ થયો છે. સાયલાન નાગડકાની સીમમાંથી મિનરલ વોટરની આડમાં વિદેશી દારૂ બનાવવાની ફેક્ટરી પકડાઈ છે. મુખ્ય સૂત્રધાર ફરાર થયો પરંતુ સ્થળ ઉપરથી બે શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. આ દારૂ સફેદ કેમિકલમાંથી બનાવવામાં આવતો હતો. તે પ્રવાહી ક્યાંથી લવાતો હતો, આ ફેક્ટરી કેટલા સમયથી ચાલતી હતી, રોજના કેટલી બોટલ દારૂ ભરાતો સહિતની વિગતો બહાર આવશે.

ધજાળા પોલીસને ફૂટ પેટ્રોલિંગ દરમિયાન સાયલાના નાગડકા ગામના લુણાગામ તરફ રહેતાં મનતુભાઈ પ્રભાતભાઈ પનાળીયા ખોડલ મિનલર વોટરનો આરો પ્લાન્ટ ચલાવે છે. અહીં ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવી ધૂમ વેચાણ થતું હોવાની બાતમીના આધારે રેડ કરતાં સંજયભાઈ સોઢાભાઈ લીંબડીયા ફિલ્ટર પાણીની બોટલમાંથી બીજી કાચની બોટલમાં કલરવાળું પ્રવાહી ભરતો હતો. જ્યારે મનતુના પિતા પ્રભાતભાઈ ઉર્ફે પ્રભાવભાઈ વસાભાઈ પનાળીયા બોટલો ઉપર ઢાકણા બંધ કરી તેના ઉપર સ્ટીકર લગાવી બોક્સમાં મુકતો હતો. આ બંને શખ્સોને પોલીસે દબોચી લઈ પૂછ પરછ કરતા મનતુંભાઈ પોલીસે દબોચી લેવા કવાયત હાથ ધરવામાં આવી છે

# તાલાલાનાં ચિત્રોડ ગીર ગામના પાટીયા પાસે જુની અદાવતને કારણે મારામારી

## ફોર્ચ્યુનર અને કિયા સેલટોસ ગાડી સામસામી અથડાઈ



**મુખ્ય સમાચાર, તાલાલા ગીર**

તાલાલા તાલુકાના ચિત્રોડ ગીર ગામના પાટીયા પાસે જૂની અદાવતને કારણે દેવાયત ખવડ અને ધ્રુવરાજસિંહ ચૌહાણ વચ્ચે આજે સવારે માથાકૂટ થયાનું હોવાનું બહાર આવતા ભારે ચકચાર ફેલાયેલ છે.

તાલાલા વિસ્તારમાં થતી ચર્ચા પ્રમાણે ચિત્રોડ ગીર ગામ નજીક ધ્રુવરાજસિંહ ચૌહાણ સહિત ત્રણ મિત્રો ક્રિષ્ના રિસોર્ટમાં રોકાયા હતા.સાસણગીર વિસ્તારમાં ત્રણેય મિત્રો ફરવા આવ્યા હોવાનું સ્ટેટસ મૂક્યું હતું ત્યારબાદ દેવાયત ખવડ અને તેમના માણસો કાળા કલરની ફોર્ચ્યુનર કારમાં અત્રે આવ્યા હતા અને સવારે ૮ થી ૯ વાગ્યા દરમ્યાન ચિત્રોડ ગીર ગામના પાટીયા પાસે દેવાયત ખવડ ની કાળા કલરની કારે કિયા સેલટોસ ગાડીને ટક્કર મારતા કિયા સેલટોસ કાર રસ્તા ઉપર થી નીચે ઉતરી ગઈ હતી ત્યારબાદ દેવાયત ખવડના માણસોએ કારમાં તોડફોડ કરી ધ્રુવરાજસિંહ ચૌહાણને ધોકા વડે માર મારી પગમાં ગંભીર ઈજાઓ કરતા ધ્રુવરાજસિંહ ચૌહાણ ઉ.વ.૨૫ રે. સનાથલ(અમદાવાદ)ને તાલાલા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લાવેલ..હોસ્પિટલના તબીબે ધ્રુવરાજસિંહ ને પ્રાથમિક સારવાર આપી જુનાગઢ રીફર કર્યા હતા.આ બનાવ અંગે પોલીસમાં કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

તાલાલા પી.આઈ જે.એન ગઢવી એ આપેલ વિગત પ્રમાણે આ બનાવ માં દેવાયત ખવડ અને તેમના માણસો હોવાની વિગતો મળતા બનાવની પ્રાથમિક તપાસ શરૂ કરી છે.બનાવના સ્થળથી ૫૦૦ મીટર દૂર આવેલ સી.એન.જી પમ્પ ના સી.સી.ટીવી કેમેરા ચેક કરતા કાળા કલરની બે ફોચર્ચ્યુનર કાર તાલાલા તરફ આવતી હોવાનું દેખાય છે. બંને કાર તાલાલા થી આગળ નું લોકેશન મેળવવા વધુ સી.સી.ટીવી કેમેરા તપાસ કરવામાં આવી રહ્યા છે. ચિત્રોડ ગીર ગામના પાટિયા પાસે બનેલ બનાવથી તાલાલા પંથકમાં સવારથી અવનવી ચર્ચાઓ વહેતી થઈ છે. પોલીસ આ બનાવ અંગે સત્ય બહાર લાવવા ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# રાજકોટમાં આખરે ખાડાએ જીવ લીધોઃ સ્કુટર સ્લીપ થતા નિવૃત બેન્ક કર્મીનું મૃત્યુ

## ઘાયલ વૃધ્ધને હોસ્પિટલે ખસેડાયા પણ જીવ ન બચ્યોઃ શહેરમાં ઠેકઠેકાણે ખાડા રાજ પણ મનપાના પેટનું પાણી હલતુ નથી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં રસ્તાઓ પર ઠેરઠેર ખાડારાજ જોવા મળી રહ્યું છે. મુખ્ય માર્ગો પર મસમોટા ખાડાના કારણે અવારનવાર અકસ્માતો સર્જાતા રહે છે. અગાઉ ખાડાના કારણે અકસ્માત થવાથી નિર્દોષ વાહન ચાલકોએ જીવ ગુમાવ્યાની ઘટનાઓ સામે આવી છે. આમ છતાં નિર્ભર કોર્પોરેશન તંત્ર દ્વારા ખાડા બુરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે કોર્પોરેશનના ખાડાએ વધુ એક ભોગ લેતાં લોકોમાં ઉહાપોહ મચી ગયો છે. રૈયારોડ પર કનૈયા ચોક પાસે ખાડાના કારણે સ્કુટર સ્લીપ થઈ જતાં નિવૃત્ત બેંક કર્મચારીનું મોતનિપજ્યું હતું ત્યારે આ મોતનું જવાબદાર કોણ ? તેવા સવાલો ઉઠી રહ્યાં છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, રૈયા રોડ પર જલારામ ચોક પાસે શાંતિનગરમાં આવેલા સોપાન લકઝરીયા નામના એપાર્ટમેન્ટમાં રહેતાં નિવૃત્ત બેંક કર્મી ચીમનભાઈ જીવનદાસ માવાણી (ઉ.૭૦) નામના વૃધ્ધ સવારે પોતાનું સ્કુટર લઈ સદર બજારમાં જવા નીકળ્યા હતાં ત્યારે રૈયા રોડ પર કનૈયા ચોક પાસે પહોંચતાં ચોકમાં ખાડાના કારણે સ્કુટર સ્લીપ થઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જેથી વૃધ્ધ સ્કુટર ઉપરથી ઉથલીને રોડ પર પટકાયા હતાં. જેથી તેઓ લોહીલુહાણ હાલતમાં હોવાથી લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં અને ઈજાગ્રસ્ત વૃધ્ધને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ચીમનભાઈ બે ભાઈ ત્રણ બહેનમાં મોટા અને અગાઉ એસબીઆઈ બેંકમાં ઓફિસર હતાં. તેમને સંતાનમાં એક દીકરી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી લોહાણા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. ખાડાના કારણે વૃધ્ધનો ભોગ લેવાતાં કોર્પોરેશન તંત્રની બેદરકારી સામે આવી છે ત્યારે વૃધ્ધના મોત માટે જવાબદાર કોણ ? તેવા સવાલો ઉઠી રહ્યાં છે.

શહેરમાં ખાડાના કારણે અગાઉ પણ અકસ્માતો થયા હતાં જેમાં ગત વર્ષે સામાકાંઠે સંતકબીર રોડ પર ખાડાના કારણે બાઈક ચાલક યુવાન રોડ પર પટકાતા તેની ઉપર ટેન્કરના વ્હીલ ફરી વળતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે ગત સમાહે જ ગોંડલ ચોકડી નજીક રીધ્ધી સિધ્ધિના નાલા પાસે રોડ પર પડેલા ખાડાના કારણે બાઈક સવાર પ્રૌઢ બાઈક પરથી નીચે ઉતરતાં જ પાછળથી આવતાં ટ્રકની ઠોકરે ચડી જતાં તેનું મોત નિપજ્યું હતું. ત્યારે કોર્પોરેશનના ખાડાના કારણે વધુ એક ભોગ લેવાતાં ચકચાર મચી જવા પામી છે.

# રાજકોટના લોકમેળામાં ૧૯૪૧ જવાનોની રહેશે બાજ નજરઃ ૧૪ વોચ ટાવર ઉભા કરાયા

## તસ્કરો અને લુખ્ખાગીરી કરનારાઓનું આવી બનશેઃ ખાસ ટીમો તૈનાત કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૧૪ થી તા.૧૮ સુધી રેસકોર્ષ રાઉન્ડ ખાતે સાંસ્કૃતીક 'શૌર્યનું સિંદૂર' લોકમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ લોકમેળામાં રાજકોટ શહેર તથા આજુ-બાજુના ગામડાઓમાંથી ખુબ જ મોટા પ્રમાણમાં જાહેર જનતા લોકમેળો માણવા માટે આવતાં હોય છે, તેની સુરક્ષાની જવાબદારી માટે અને લોકો મેળાની મોજ માણી શકે તે માટે શહેર પોલીસ દ્વારા ૨ ડીસીપી સહિત ૧૯૪૧ પોલીસનો લોખંડી બંદોબસ્ત રહેશે અને મેળા પર ૧૪ વોચ ટાવર પરથી નજર રાખશે.



ગુરુવારથી શરૂ થઈ રહેલા લોકમેળામાં સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની સ્થિતી કથળે નહિ અને લોકો મેળો આનંદથી માણી શકે તે માટે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને એડી. સીપી મહેન્દ્ર બગરીયા દ્વારા હાઈ લેવલની સુરક્ષાનો પ્લાન બનાવવામાં આવ્યો છે. જેમાં એક કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. તેમજ મુખ્ય સ્ટેજ પાસે પણ પોલીસ અધિકારીઓ માટે અલગથી કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યો છે.

મેળાની સુરક્ષા માટે ૧૯૪૧ પોલીસ જવાનો અને એસઆરપીની ૩ કંપની ફાળવવામાં આવી છે. જેમાં ડીસીપી જગદીશ બાંગરવા અને ડીસીપી પૂજા યાદવની રાહબરિમા ત્રણ એસીપી, ૧૫ પીઆઈ, ૪૩૩ પીએસઆઈ, તેમજ ૫૨૦ હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, ટીઆરબીના ૪૩૬ જવાન, અને હોમગાર્ડના ૪૧૪ જવાનોનો સમાવેશ કરવામાં આવ્યો જેમાં ૧૪ વોચ ટાવર અને એક ધાબા પોઇન્ટ પણ ગોઠવવામાં આવ્યો છે જ્યાંથી તમામ લોકમેળા ઉપર પોલીસની બાજ નજર રહેશે તેમજ દરેક ગેટ વાઇઝ એક પીએસઆઈને જવાબદારી સોંપવામાં આવી છે, જે હેન્ડસેટ અને મેટલ ડિટેક્ટ સાથે હાજર રહી ખાસ આવતા જતા લોકો પર નજર રાખશે તેમજ ખાસ ક્રાઈમ બ્રાન્ચ એસઓજીની ટીમો ખાનગી ડ્રેસમાં લુખ્ખા અને અસામાજિક તત્વો ઉપર નજર રાખી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં તેનું ખાસ ધ્યાન રાખશે.

ઉપરાંત પોલીસના જવાનો ચેંજનેચર પાકીટ અને મોબાઈલ કફડન્સી કરતા લુખ્ખાઓ ઉપર પણ ખાસ નજર રાખશે તેમજ મહિલા પીએસઆઈ ની નીચે બે સ્કોર અલગથી બનાવવામાં આવી છે જે મહિલા સ્નેચરસો પર નજર રાખી ધ ફંચી કરતી મહિલાઓને પકડવા માટે દોડતી રહેશે. ઉપરાંત મેળાના દરેક પોઇન્ટ પર અંદાજિત ૪૩ જેટલા સીસીટીવી ગોઠવવામાં આવ્યા છે જેનું પોલીસ કંટ્રોલ રૂમ પરથી મોનિટરિંગ કરવામાં આવશે અને મેળાની તમામ ગતિવધી ઉપર નજર રાખવામાં આવશે.

# મોરબીમાં કારખાનેદારનો આપઘાતઃ પ્રેમિકા તથા ભાગીદારોએ દગો આપતા અંતિમ પગલું ભર્યાનો સુસાઇડ નોટમાં ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આપઘાતની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં એક કારખાનેદારે પોતે ચૂકવેલ કરોડો રૂપિયા ભાગીદારોએ પરત આપવાને બદલે ધમકી આપી હતી. તેમજ કારખાનેદારની પ્રેમિકાએ અન્ય શખ્સ સાથે મળી ૭૦ લાખ પડાવી લેતા કારખાનેદારે અંતિમ પગલું ભર્યું છે. તેમજ મૃતક પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે.



મોરબીમાં રહેતા કારખાનેદાર અશોકભાઈ પાડલિયા મોરબીમાં ગ્લેર સીરામીક નામનું કારખાનું ધરાવતા હતા. જેમાં અમીતભાઈ વશરામભાઈ ચારોલા, ભાવેશભાઈ બાબુભાઈ વીડજા, બીપીનભાઈ મનસુખભાઈ દેત્રોજા તથા મનોજભાઈ હરખાભાઈ સાણંદીયા તેમના ભાગીદાર હતા. ત્યારે અશોકભાઈ પાડલિયાના ભાગીદારોએ અશોકભાઈની જાણ બહાર માલ બારોબાર વેચી નાખ્યો હતો. જ્યારે અશોકભાઈને ચારેય ભાગીદારોએ ધંધામાં ખોટ ગઈ હોવાનું કહી કારખાનું બંધ કરી દીધું હતું અને ખોટ ના ૪.૩૭ કરોડ અશોકભાઈએ ભર્યા હતા જે રૂપિયામાં ભાગીદારોએ પોતાના ભાગે પડતી ખોટ ના રૂપિયા પરત અશોકભાઈને આપી દેશે તેવો વાયદો કર્યો હતો બાદમાં જ્યારે અશોકભાઈ એ પોતાના આપેલ રૂપિયાની ઉઘરાણી કરતા ત્યારે ચારેય ભાગીદારોએ ભાગે પડતી આપવાને બદલે હાથ પગ તોડી નાખવાની ધમકી આપી હતી.તેમજ આ દરમિયાન અશોકને અમદાવાદમાં રહેતી મનિષાબેન કિરણભાઈ ગોહીલ સાથે પ્રેમ થયો હતો. અને તેનો બધો ખર્ચો પણ અશોક જ ઉપાડતા હતા.ત્યારે અશોક પાસેથી મનિષાએ એન કેન પ્રકારે અર્ચિત મહેતા નામના વ્યક્તિ સાથે મળી ૭૦ લાખ પડાવી લીધા હતા.ત્યારે આ તમામ બાબતોથી કંટાળી અશોકે એક સુસાઇડ નોટ લખી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.ત્યારે આ સમગ્ર મામલે અશોકના બનેવી પ્રકાશભાઈએ મોરબી સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાગીદારો અમિત ચારોલા, ભાવેશ વિડજા, બિપિન દેત્રોજા, મનોજ સાણંદિયા તથા અમદાવાદની મહિલા મનીષા ગોહિલ અને તેના પ્રેમી અર્ચિત મહેતા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

# પ્રેમલગ્ન કર્યા બાદ પતિએ બીજા લગ્ન કરી ફલેટ પર કબ્જો જમાવ્યો

## દંપતિએ ખરીદેલા ફલેટના હપ્તા ભરવા પત્ની કલકતા નોકરી કરવા ગયા બાદ પતિએ દગો દીધોઃ પોલીસે ફરિયાદ નહીં લેતા મહિલાએ કોર્ટના દ્વાર ખખડાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા રૈયા રોડ ચંદન પાર્ક શેરી નં ૬ મા આવેલા અમૃતા એપાર્ટમેન્ટમાં રહેતા ધારાર્બન પ્રજ્ઞેશભાઈ પાધડાર (ઉ.વ. ૩૧ ) ને છુટાછેડા આપ્યા વગર પતિ પ્રગ્નેશ પાધડારે અન્ય યુવતી સાથે લગ્ન કરી લઈ છેતરપીંડી કરતા તેમજ ધારાબેનનાં સાસુ - સસરા, દિયર, તેમજ પતિની અન્ય પત્ની સામે મહીલા પોલીસ સ્ટેશનમા ગુનો નોંધવામા આવ્યો છે. ધારાબેને તેમનાં પતિ પ્રગ્નેશ રમેશભાઈ પાધડાર, સસરા રમેશ મોહનલાલ, સાસુ જયાબેન રમેશભાઈ, પતિની અન્ય પત્ની પુજા હિતેન્દ્રભાઈ મજેઠીયા, પતિનાં બીજા સસરા હિતેન્દ્રલાલ અમૃતલાલ મજેઠીયા અને કાકાજીનો દીકરો વૈદીક સુરેશભાઈ પાધડાર સામે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમા ધારાબેને આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે પોતે હાલ કોલકતામા આવેલી કંપનીમા નોકરી કરે છે. અને ૨૦૧૪ ની સાલમા જેતપુર ખાતે ભરાયેલા કૃષિ મેળામા પ્રજ્ઞેશની ઓળખાણ થઈ હતી ત્યારબાદ રાજકોટમા યોજાયેલા કૃષિ મેળામા પ્રગ્નેશ સાથે પરીચય થતા તેમણે લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો ત્યારબાદ બંને કુટુંબની સહમીતીથી જલવિધી આપવાનુ નકકી થયુ હતુ અને ત્યારબાદ ૨૦૧૬ મા બંનેનાં રીત રીવાજ મુજબ લગ્ન થયા હતા. લગ્ન બાદ પ્રગ્નેશનાં માતા પિતાએ મકાન લેવા માટે ૧૫ લાખની માગણી કરી હતી . અને આ પરીસ્થીતીમા તેમને પૈસા આપી શકાય તેમ ન હોય જેથી પૈસા આપવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ લગ્ન પ્રસંગમા પ્રોશનાં સગા સબંધીઓ હાજર રહયા ન હતા. અને લગ્ન કરીને બંને સાસુ -સસરાથી અલગ રૈયા રોડ પર આવેલા પોતાનાં ફલેટમા રહેવા જતા રહયા હતા. આ ફલેટ ધારાબેન અને પ્રગ્નેશનાં નામે સંયુકત દસ્તાવેજ કરાવેલો હતો. પ્રગ્નેશ અગાઉ ખાનગી કંપનીમા નોકરી કરતો હોય ત્યારબાદ પત્ની ધારાએ તેમને સ્પાનો ધંધો શરુ કરી દીધો હતો. વાવડી ગામે સાસુ સસરા સાથે રહેતા ધારાબેનને સસરાએ કહયુ હતુ કે મારો દીકરો તારામ શુ મોહી ગયો છે. માટે તારી સાથે લગ્ન કર્યા છે. તારા માતા પિતા પાસેથી ધંધો કરવા માટે 'કાઈ પૈસા આવતા નથી તારા કરતા બીજે કયાક સગપણ કર્યુ હોત તો અમને પૈસા મળ્યા હોત. સાસુ અને સસરાનાં ત્રાસથી એક મહીનામા ધારાબેન ત્રાસી ગયા હતા. અને પ્રગ્નેશે મકાન લેવા માટે માવતરેથી પૈસા લઈ આવવાનુ દબાણ કર્યુ હતુ. આમ ભાઈએ ડાઉન પેમેન્ટનાં ૧ લાખ રૂપીયા આપતા બંનેએ સંયુક્ત નામે રૈયા રોડ પર અમૃતા એપાર્ટમેન્ટમા ફ્લેટ ખરીદયો હતો. અને ત્યા રહેતા હતા. કોરોના કાળમા ધારાબેન કોઈ કારથીરાજકોટ આવી રહેવા લાગ્યા હતા. અને ત્યારબાદ લોકડાઉન પુરુ થતા તેઓ ફરી કોલકતા જતા રહયા હતા. આ દરમ્યાન પ્રશ્નેશે સેકન્ડમા એક કારખરીદી હતી. જેની લોન પણ કરાવી હતી. આ કાર લોન તે ભરી ન શકતા તે પૈસા પણ ધારાબેને ચુકવ્યા હતા. ત્યારબાદ ધારાબેને તેમનાં ભાઈને દેવા માટેનાં ૧ લાખ રૂપીયા પતિને સાચવવા આપતા પતિએ જુગારમા અને શેર બજારનાં સટામા હારી ગયા હોવાનું બહાનુ બતાવતો હતો. પતિ અવાર નવાર દારૂ ઢીંચી ઘરે આવતો અને જુગાર રમવા, શેર સટામા રમવુ તેનાથી આવી પ્રવૃતીઓથી ધારાબેન કંટાળી ગયા હતા. અને ઉઘરાણી વાળા ઘરે આવી ધમકીઓ આપતા હતા. ત્યારબાદ ૨૦૨૧ મા પ્રગ્નેશનાં સ્ટેટસમા એક યુવતીને જોતા ત્યારબાદ ધારાબેને તપાસ કરાવતા પ્રગ્નેશે આ યુવતી જેનુ નામ પુજા હિતેન્દ્રભાઈ મજેઠીયા હોય તેની સાથે લગ્ન કરી લીધાનુ જાણવા મળ્યુ હતુ. અને ધારાબેનનાં મોબાઈલ નંબર તેમના પતિ પ્રગ્નેશે બ્લોકમા નાખી દીધા હતા. આમ તેમનાં પતિ પ્રગ્નેશે ધારાબેનને છુટાછેડા આપ્યા વગર અન્ય યુવતી સાથે લગ્ન કરી લેતા તેમજ બાકીનાં આરોપીઓએ પ્રગ્નેશની મદદ કરી તેમજ ધારાબેનને ત્રાસ આપ્યો હોવાથી તમામ સામે ગુનો નોંધવામા આવ્યો છે.

# રાજકોટમાં પોણો ઇંચ વરસાદ વરસ્યો

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં છુટોછવાયો વરસાદ યથાવત રહેવા પામ્યો છે. તા. ૧૫થી ભારે વરસાદની આગાહી છે ત્યારે ગઇકાલે પણ અનેક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. રાજકોટ શહેરમાં બપોરથી સાંજ સુધીમાં (૧૭ મીમી) પોણો ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. શહેરનાં ફાયર બ્રિગેડમાં વેસ્ટ ઝોનમાં ૨૦, ઇસ્ટ ઝોનમાં ૧૯ અને સેન્ટ્રલ ઝોનમાં ૧૭ મીમી વરસાદ નોંધાયો હતો તથા ઉપલેટામાં ૨૪ કલાકમાં પાંચ મીમી રસાદ પડેલ છે મોસમનો કુલ વરસાદ ૩૧૨ મીમી થયેલ છે ગ્રામ્ય વિસ્તારમાં પણ સામાન્ય ઝાપટા પડેલા હતા.

# રશ્મિ દેસાઈ અને અમર ઉપાધ્યાય અભિનીત મોમ તને નહીં સમજાય શેમારૂ મી ડિજિટલ પર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત, જુલાઈ ૨૦૨૫ દરેક સંતાનના જીવનમાં એક વખત આવે છે જ્યારે તેને એ લાગવા લાગે કે તેની મા તેને સમજતી નથી. માતાની ચિંતાઓ દખલ જેવી લાગતી હોય છે, તેની પ્રેમભીની વાતો ભારરૂપ લાગે છે. પણ સાચું કહીએ તો એ દખલ નથીએ એક માતાનો નિઃશબ્દ પ્રેમ હોય છે, જે પોતાના સંતાનને આવનારી મુશ્કેલીઓથી બચાવવા કરેલો પ્રયત્ન હોય છે.

આ જ સંવેદનાને કેન્દ્રમાં રાખીને રચાયેલી ફિલ્મ છે મોમ તને નઈ સમજાય. આ હૃદયસ્પર્શી ગુજરાતી ફિલ્મે વર્ષના આરંભમાં થિયેટરોમાં પ્રશંસનીય પ્રતિસાદ મેળવ્યો હતો અને હવે ૨૪મી જુલાઈથી શેમારૂ મી પર ઉપલબ્ધ થવા જઈ રહી છે.

ફિલ્મમાં રશ્મિ દેસાઈ ''આશ્કા''ની ભૂમિકા ભજવે છેએક એવી માતા, જે પોતાનું આખું જીવન પરિવાર માટે સમર્પિત કરી દે છે. છતાંય, તેના ત્યાગ અને પ્રેમને વારંવાર અવગણવામાં આવે છે. સંતાનો માટે ચિંતિત રહેતી અને પતિ માટે સમર્પિત આશ્કા ઘરના દરેક સંબંધને જાળવી રાખવા સતત પ્રયાસ કરે છે. પણ જયારે બધું જ સહન કરી થાકી જાય છે અને પોતાને પાછળ ખેંચવાનો નિર્ણય લે છે, ત્યારે જ પરિવારને તેની હાજરી અને મહત્વનો સાચો અહેસાસ થાય છે.

ફિલ્મમાં અમર ઉપાધ્યાય, તેજલ વ્યાસ અને હેમંગ દવે પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં દેખાશે.

# આજે વિશ્વ અંગદાન દિવસઃ આ વર્ષની થીમ છે સાદને પ્રતિસાદ

## ગુજરાતમાં સાત વર્ષમાં બે હજારથી વધુ અંગોના દાન થયાંઃ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતને ત્રણ એવોર્ડ્સ મળ્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

અંગદાન એ મહાદાન છે. એક વ્યક્તિ અંગદાન થકી અન્યોને નવજીવન આપી શકે છે. અંગદાન વિશે જાગૃતિ લાવવા અને તેને પ્રોત્સાહન આપવાના હેતુથી, વિશ્વભરમાં ૧૩મી ઓગસ્ટ વિશ્વ અંગદાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. વર્લ્ડ ઓર્ગન ડોનેશન એન્ડ ટ્રાન્સપ્લાન્ટ એલાયન્સ દ્વારા આ વર્ષના વિશ્વ અંગદાન દિવસની થીમ Answering the Call એટલે કે (અંગદાનના) સાદને પ્રતિસાદ જાહેર કરવામાં આવી છે.

અંગદાન મુખ્યત્વે બે પ્રકારના હોય છે જીવંત અંગદાન અને મૃત અંગદાન.

જીવંત અંગદાનમાં કોઈ વ્યક્તિ પોતાના પરિવારના સભ્ય, મિત્ર અથવા ભાવનાત્મક રીતે જોડાયેલી અન્ય કોઈ વ્યક્તિને પોતાના અંગનો ભાગ દાન કરી શકે છે, જેમ કે કિડનીનો એક ભાગ કે લીવરનો અમુક હિસ્સો. આ માટે દાતાની સંપૂર્ણ સ્વસ્થતા અને ઉંમરનું ધ્યાન રાખવામાં આવે છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિએ અંગદાન માટે માતા-પિતા કે વાલીની સંમતિ લેવી ફરજિયાત છે.

જ્યારે મૃત અંગદાન એ એવી પરિસ્થિતિમાં થાય છે જ્યારે કોઈ વ્યક્તિ 'બ્રેઈન ડેડ'ની સ્થિતિમાં હોય. આ કિસ્સામાં તેના હૃદય, લીવર, કિડની, ફેફસાં અને સ્વાદુપિંડ જેવા મહત્વપૂર્ણ અંગોનું દાન થઈ શકે છે. એક બ્રેઈડ ડેડ વ્યક્તિના અંગોના દાનથી આઠ લોકોને નવું જીવન આપી શકાય છે.

જ્યારે કોઈ વ્યક્તિનું કુદરતી મૃત્યુ થાય, ત્યારે કોર્નિયા, હાર્ટ વાલ્વ, ચામડી અને હાડકાં જેવી પેશીઓનું દાન શક્ય છે. અંગદાન માટે કોઈ પણ વ્યક્તિ, કોઈ પણ ઉંમર, જાતિ કે ધર્મના ભેદભાવ વિના નોંધણી કરાવી શકે છે.

ગુજરાત એ દાનવીરોની ભૂમિ કહેવાય છે અને રાજ્યમાં અંગદાનને પ્રોત્સાહન આપવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલના માર્ગદર્શનમાં રાજ્યનો આરોગ્ય વિભાગ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં SOTTO (સ્ટેટ ઓર્ગન એન્ડ ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન)ની રચના કરવામાં આવી છે. જેના દ્વારા અંગદાન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે વિશેષ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા. જેના કારણે છેલ્લા સાત વર્ષમાં ગુજરાતમાં કુલ ૬૫૭ અંગદાતાઓ દ્વારા ૨૦૩૯ અંગોનું દાન પ્રાપ્ત થયું છે. જેમાં ૧૧૩૦ કિડની, ૫૬૬ લીવર, ૧૪૭ હૃદય, ૧૩૬ ફેફસાં, ૩૧ હાથ, ૧૯ સ્વાદુપિંડ અને ૧૦ નાનાં આંતરડાંનો સમાવેશ થાય છે. આ અંગોના દાનથી હજારો લોકોના જીવન બચાવવામાં મદદ મળી છે.

તાજેતરમાં બીજી ઓગસ્ટના રોજ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાજીના હસ્તે ગુજરાતને અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ત્રણ-ત્રણ એવોર્ડ્સ એનાયત થયા છે. જેમાં રાજ્ય સરકારને 'એક્સલન્સ ઇન પ્રમોશન ઓફ ઓર્ગન ડોનેશન', ન્યૂ સુરત સિવિલ હોસ્પિટલને 'બેસ્ટ નોન-ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગન રિટ્રાઇવલ સેન્ટર' અને અમદાવાદની કિડની ઈન્સ્ટિટ્યૂટને 'ટ્રાન્સપ્લાન્ટ કરતી દેશની સર્વશ્રેષ્ઠ હોસ્પિટલ' તરીકે એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિઓ ગુજરાતમાં અંગદાનના ઉમદા કાર્યને વેગ આપવા માટે સરકાર અને સામાજિક સંસ્થાઓના સતત પ્રયાસોનું પરિણામ છે.

# રાજકોટના લોકમેળા સંદર્ભે નો પાર્કિંગ, પ્રવેશબંધી તથા પાર્કિંગ વ્યવસ્થા જાહેર

### રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું ફરમાવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના લોકમેળા સંદર્ભે શહેર પોલીસ કમિશનર દ્વારા નો પાર્કિંગ, વાહનોની પ્રવેશબંધી તથા પાર્કિંગ વ્યવસ્થા અંગે જાહેરનામું જારી કરવામાં આવ્યું છે.

જે મુજબ, રેસકોર્સ રિંગરોડ જિલ્લા પંચાયત ચોકથી બહુમાળી ભવન ચોક, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, (૧) જુની એન.સી.સી. ચોક, આમ્રપાલી અન્ડરબ્રિજ સુધી તમામ વાહનો માટે પ્રવેશ-બંધ અને બંને બાજુ નો પાર્કિંગ રહેશે. (૨) ટ્રાફિક શાખાથી પોલીસ હેડ ક્વાર્ટર સુધી, (૩) સી.આઈ.ડી ક્રાઈમથી રૂરલ એસ.પી.ના બંગલા સુધી, (૪) સુરજ-૧ એપાર્ટમેન્ટથી લોકમેળાના મુખ્ય ગેટ સુધી તમામ વાહનો માટે પ્રવેશબંધી રહેશે. (૫) ચાણક્ય બિલ્ડિંગ ચોકથી ફુલછાબ ચોક, જિલ્લા પંચાયત ચોક સુધી નો પાર્કિંગ રહેશે. (૬) રેસકોર્સ રિંગરોડ ફરતે લારી-ગલ્લા, પાથરણા, રેકડી રાખવાની સખત મનાઈ છે. (૭) વિશ્વા ચોકથી જુની એન.સી.સી. ચોક સુધી તમામ વાહનો માટે પ્રવેશબંધી તથા બંને બાજુ નો પાર્કિંગ રહેશે. (૮) મહિલા અંડરબ્રિજથી કિસાનપરા ચોક સુધી ખાનગી લકઝરી બસો માટે પ્રવેશબંધી રહેશે.

આટલા રસ્તા ખુલ્લા રહેશેઃ (૧) ચાણક્ય બિલ્ડિંગ ચોકથી શ્રોફ રોડ, ટ્રાફિક શાખા, રૂડા બિલ્ડિંગ જામનગર રોડથી ગાંધીગ્રામ તરફ જઈ શકાશે. શ્રોફ રોડ, ચાણક્ય બિલ્ડિંગ ચોકથી ફુલછાબ ચોકથી જિલ્લા પંચાયત ચોકથી કિસાનપરા ચોક આમ્રપાલી અંડરબ્રિજથી રૈયારોડ તરફ અવર-જવર કરી શકાશે., (૨) મેળા દરમિયાન તમામ ભારે વાહનો માટે રેસકોર્સ રિંગરોડ પર પ્રવેશબંધી રહેશે., (૩) ખાનગી લકઝરી બસો મહિલા અંડરબ્રિજથી ટાગોર રોડ થઈને જઈ શકશે. તા. ૧૪મી ઓગસ્ટે સવારે ૯થી રાતે મેળો પૂરો ના થાય ત્યાં સુધી રેસકોર્સ રિંગરોડ ફરતે પાસધારક વાહનચાલકો ૧૦ કિ.મી.થી વધુ ઝડપે વાહનો ચલાવી શકશે નહીં.

**ફ્રી પાર્કિંગ સ્થળોઃ** - બસ, કાર, ટુ વ્હીલર માટેઃ એરપોર્ટ ફાટકથી આમ્રપાલી ફાટક પૂર્વ બાજુના રેલવે પાટા સામે.

- કાર, મો.સા., સાયકલ માટેઃ નહેરુ ઉદ્યાન, બહુમાળી ભવન સામે, પ્રવેશ બહુમાળી ચોક, નવી કલેક્ટર કચેરી સામે, આયક વાટીકા સામે ખુલ્લી જગ્યા પાસે રિલાયન્સના ગ્રાઉન્ડમાં, ચૌધરી હાઇસ્કૂલ ગ્રાઉન્ડમાં.
- ટુ વ્હીલર માટેઃ બાલભવન મેઈન ગેટથી આર્ટ ગેલેરી સુધીના રોડ પર, કિસાન પરા ચોક સાયકલ શેરિંગવાળી જગ્યા, કિસાનપરા ચોક કેપિટલ હોટલ પાછળનું ગ્રાઉન્ડ, ચાણક્ય બિલ્ડિંગ ચોક પાસે નગર રચના અધિકારી કચેરીનું ગ્રાઉન્ડ, સરકિટ હાઉસ સામે મેમણ બિલ્ડિંગ ગ્રાઉન્ડ, રૂરલ એસ.પી. ઓફિસ,ના બંગલાવાળી શેરી આઈ.બી. ઓફિસથી પ્રેસ સુધી, સર ગોસલીયા માર્ગ હેલ્થ ઓફિસની દિવાલ સુધી.
- ઓટો રિક્ષા માટેઃ કિસાનપરા ચોક, એ.જી. ઓફિસ દિવાલ પાસે ૧૫ રિક્ષા.
- ફોર વ્હીલર માટે- ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ.
- ફક્ત સરકારી વાહનો માટેઃ હોમગાર્ડ ઓફિસર કોલોની બહુમાળી ભવન સામે.

# રાજકોટમાં સ્વતંત્રતા પર્વની જિલ્લા કક્ષાની ઉજવણીની તૈયારીઓ અંગે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ

### વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને વ્યવસ્થાઓ કરવા સૂચના આપતાં નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના તરઘડી ગામમાં કેન્દ્રીય જવાહર નવોદય વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાશે. જેના અનુસંધાને આજે કલેક્ટર કચેરી, રાજકોટ ખાતે નિવાસી અધિક કલેક્ટર એ. કે. ગૌતમના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરએ આનુષંગિક વ્યવસ્થાઓ અંગે સંબંધિત કચેરીઓના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે કાર્યક્રમનું શિડ્યુલ, સંચાલન, સ્વતંત્રતા સેનાનીઓના પરિવારજનો, વ્યક્તિ વિશેષ અને કર્મયોગીઓનું સન્માન, આમંત્રણ પત્રિકા, સાઉન્ડ સિસ્ટમ, બેઠક વ્યવસ્થા, સાંસ્કૃતિક કૃતિઓ, વીજ પુરવઠો, વ્હીકલ પાર્કિંગ, વૃક્ષારોપણ, પ્લાટુન, પ્રાથમિક સારવારની સુવિધાઓ સહિતના મુદ્દાઓ વિષયક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત, તેમણે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને વ્યવસ્થાઓ કરવા તેમજ પોલીસ વિભાગના સાયબર અવેરનેસ, વન વિભાગના રોપા વિતરણ, સંકલિત બાળ વિકાસ યોજના અને આરોગ્ય કચેરીના સ્ટોલ બાબતે સૂચના આપી હતી.

આ તકે પ્રાંત અધિકારી વિમલકીર્તિ ચક્રવર્તી, મામલતદાર કે.જી.સખીયા, ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જીનીયર એમ.કે.ચાવડા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષીતભાઈ પટેલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરા, જિલ્લા રમતગમત અધિકારી વી.પી.જાડેજા, જિલ્લા રમત વિકાસ અધિકારી રમાબેન મદ્રા, પી.એસ.આઇ. વી.કે.સુરાણી, એક્ઝિક્યુટિવ એન્જીનીયર એચ.એમ.ભોજાણી, આરોગ્ય અધિકારી પી.કે.સિંઘ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# હર ઘર તિરંગા અભિયાનઃ ભડલી પ્રાથમિક શાળામાં તિરંગા યાત્રા યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ રાજ્યભરમાં હર ઘર તિરંગા અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશના નિર્દેશ મુજબ વિવિધ પ્રકારના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. વિંછીયા તાલુકાના ભડલી ગામે પ્રાથમિક શાળા દ્વારા તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શાળાના છાત્રો જોડાયા હતા.

આ તકે શાળામાં છાત્રો માટે ચિત્રસ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ ચિત્રો થકી દેશપ્રેમ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત બાલિકાઓ દ્વારા શાળ-ામાં સુંદર રંગોળી પણ કરવામાં આવી હતી.

# રાજકોટમાં જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે અંદાજીત 10% જેટલા નીચા ભાવે ફરસાણ-મીઠાઈ વેચાશે

### જિલ્લા પુરવઠા અધિકારી અજયભાઈ ઝાપડાની અધ્યક્ષતામાં વેપારીઓ સાથે બેઠકમાં સર્વસમંતિથી નિર્ણય લેવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે રાજકોટ શહેરના મધ્યમ / જરૂરિયાતમંદ વર્ગના લોકો તા. ૧૩ ઓગસ્ટથી તા. ૧૮ ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીના તહેવારોને કુટુંબીજનો સાથે આનંદ-ઉલ્લાસથી માણી શકે, તે હેતુસર ફરસાણ, મીઠાઈ તથા લાઈવ ગાંઠીયાનું વ્યાજબી ભાવે વેચાણ કરવા સૂચના આપી છે. જેને અનુલક્ષીને કલેક્ટર કચેરીમાં પુરવઠા શાખા ખાતે ગત તા. ૧૧ ઓગસ્ટના રોજ જિલ્લા પુરવઠા અધિકારી અજયભાઈ ઝાપડાની અધ્યક્ષતામાં ફરસાણના વેપારીઓ સાથે બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં ચર્ચા-વિચારણા બાદ સર્વસમંતિથી ફરસાણ અને મીઠાઈ તેલના પ્રકાર પ્રમાણે પ્રવર્તમાન બજાર ભાવ કરતા અંદાજીત ૧૦% જેટલા નીચા ભાવે વેચવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત, જન-આરોગ્યને અનુલક્ષીને વેપારીઓને સ્વચ્છતા જાળવવા, દાઝ્યા તેલનો ઉપયોગ નિયમોની મર્યાદામાં કરવા, ફરસાણમાં સોડીયમ કાર્બોનેટ (ધોવાનો સોડા) અને હાનિકારક રંગીન દ્રવ્યનો ઉપયોગ ન કરવા તેમજ ગુણવત્યુક્ત ફરસાણ અને મીઠાઈ બનાવવાની તકેદારી રાખવા વેપારીઓને સૂચના આપવામાં આવી હતી, તેમ પુરવઠા શાખાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટની તબીબી કામગીરી કરતી સંસ્થાઓને ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધી ગુજરાત ક્લિનીકલ એસ્ટાબ્લીશમેન્ટસ એક્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) - ૨૦૨૧ અન્વયે તબીબી કામગીરી કરતી તમામ હોસ્પીટલો, કલીનીકો, લેબોરેટરીઓ સહિતની સંસ્થાઓને આ એક્ટ હેઠળ નોંધણી કરાવવી ફરજિયાત છે.

આ એક્ટ અન્વયે તબીબી કામગીરી સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓએ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન મેળવ્યા બાદ કાયમી રજીસ્ટ્રેશન ફરજિયાત મેળવવાનું હોય છે. હાલ તમામ સેન્ટરોએ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન મેળવી લેવાનું રહેશે. જે સેન્ટરોએ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન તા. ૧૨/૦૯/૨૫ સુધીમાં મેળવેલ ન હોય તેઓની સામે કાયદાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તમામ તબીબી પ્રેકટીસ કરતા સેન્ટરો આ એકટ હેઠળ નોંધણી કરાવવા વેબસાઈટ https://clinicalestab-lishment.gipl.in પર ઓનલાઇન અરજી કરવાની કાર્યવાહી તાત્કાલીક કરવી. હાલ ક્લિનિક એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરવા માટે અરજદારનું આધારકાર્ડ/આઇ. ડી. પ્રૂફ, સેન્ટરની માલિકીના આધાર પુરાવા, સેન્ટરની જગ્યાને લગત આધાર પુરાવા, ફાયર સેફટીને લગત આધાર પુરાવા, સેન્ટરના ફોટા, બાયોવેસ્ટના નિકાલને લગત આધાર પુરાવા આપવાના રહેશે. ઉપરાંત, અરજી કરતી વખતે સાચી વિગતો દર્શાવવી, તેમાં દર્શાવેલ વિગતો મુંજબ ડોકયુમેન્ટ પણ એટેચ કરવાના રહેશે, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.આર.ફુલમાલીની યાદીમાં જણાવાયું છે.

# 'હર ઘર તિરંગા' પદયાત્રામાં હરખભેર જોડાતાં રતનપર ગામના નાગરિકો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી નિમિત્તે 'હર ઘર તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ જનતાના હૃદયમાં રાષ્ટ્રભક્તિની ભાવના ઉજાગર કરવાનો છે. રાજકોટ તાલુકાના રતનપર ગામ ખાતે 'હર ઘર તિરંગા' પદયાત્રા યોજાઈ હતી. જેમાં નાગરિકો હરખભેર જોડાયા હતાં. ?



આ તિરંગા યાત્રામાં યુવાનો, વડીલો, મહિલાઓ અને બાળકો રાષ્ટ્રધ્વજ લઈને 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'નો જયઘોષ કરતા સમગ્ર ગામમાં ફરી વળ્યા હતા. આમ, 'હર ઘર તિરંગા યાત્રા'થી ગ્રામજનોમાં દેશભક્તિનો અનેરો માહોલ સર્જાયો હતો.

# સરગમ ભવનની ખાતમુહૂર્તવિધિ સંપન્ન અદ્યતન સેવા કેન્દ્ર આકાર લેશે

### વજુભાઇ વાળા સહિતના અનેક શ્રેષ્ઠીઓની હાજરીમાં છ માળના બિલ્ડીંગનું થયું ભૂમિપૂજન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબની સ્થાપનાના ૪૫ વર્ષ પછી હવે પોતાનુ સરગમ ભવન આકાર લેવા જઈ રહ્યું છે. રાજકોટના હૃદયસમાન જીમખાના મેઈન રોડ પાસે જાગનાથ પ્લોટ-૧ માં ૪૨૫ વાર જેટલી જગ્યામાં આવનારા સમયમાં છ માળનું અદ્યતન સરગમ સેવા કેન્દ્ર આકાર લેવાનું છે. આ બિલ્ડીંગ માટેનું ભૂમિપૂજન તાજેતરમાં સંપન્ન થયું હતું. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રનાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને આ નવા પ્રોજેક્ટ બદલ સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવ-ળાને અભિનંદન અને શુભેચ્છા આપી હતી.

આ સરગમ સેવા કેન્દ્રમાં હેલ્થ સેન્ટર, આર્ટ ગેલેરી, વહીવટી ઓફિસ, મિટીંગ હોલ, બેન્કવેટ હોલ અને ગેસ્ટ રૂમ સહિતની સુવિધા ઉભી કરવામાં આવશે. આ સરગમ સેવા કેન્દ્રનું ભૂમિપૂજન શાસ્ત્રીજી કૌશિકભાઈ ત્રિવેદી દ્વારા વિધિવિધાનપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કર્ણાટકનાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, સાંસદ પરસોત્તમ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્યો ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલારા,ડો. મહેન્દ્રભાઇ પાડલીયા, ભાજપના આગેવાનો ધનસુખભાઈ ભંડેરી, ગોવિંદભાઈ પટેલ, કમલેશભાઇ મીરાણી, મુકેશભાઇ દોશી, મનીષભાઈ રાડીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, અશોકભાઇ ડાંગર, દિનેશભાઇ અમૃતિયા, , મનીષભાઇ ભટ્ટ, કિરણબેન માકડિયા, ડી.કે. સખીયા, કશ્યપભાઈ શુકલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કોંગ્રેસનાં આગેવાનો ડો. હેમાંગભાઈ વસાવડા, રાજદીપસિંહ જાડેજા (શહેર કોંગ્રેસ - પ્રમુખ), અતુલભાઈ રાજાણી, ગાયત્રીબા વાઘેલા, તખુભા રાઠોડ, જીતુભાઈ ભટ્ટ તેમજ ઉદ્યોગપતિ મનીષભાઇ માદેકા, મૌલેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાયડો. ભરતભાઇ કાકડિયા, ડો. પારસભાઈ શાહ. ડો, રાજેશભાઈ તેલી, ડો. અમિતભાઇ હપાણી, ડો. વિભાકર વચ્છરાજાની, ડો.નવલભાઈ શીલુ, ડો. હિતેશભાઇ ધ્રુવ અને કલબના તમામ હોદેદારો, સરગમ કલબ અને સરગમ લેડીઝ કલબના તમામ કમીટી મેમ્બરો હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુણવંતભાઈ ડેલાવાળા ના માર્ગદર્શન નીચે ભરતભાઇ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયસુખભાઇ ડાભી, કનૈયાલાલ ગજેરા, મનમોહનભાઈ પનારા, સુનીલભાઇ દ્રેત્રોજા, જગદીશભાઈ કિયાડા, અનવરભાઈ ઠેબા, ડો. અલકાબેન ધામેલિયા, દેવાંશીબેન શેઠ વગેરે એ સફળ બનાવવા મહેનત કરેલ છે.

# શાંતિનિકેતન સોસાયટીમાં બ્લેકવુડ હોટલના સંચાલકના બંગલામાં જુગાર રમતા છ ઝડપાયા

### પોલીસે રોકડ રૂ.૭૩,૭૦૦નો મુદામાલ લઈ કરેલ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દારૂ-જુગારના કેસો કરવાની સુચના અન્વયે પીસીબીનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે કોટેચા ચોકમાં આવેલ સોસાયટીમાં રહેતા અને બ્લેકવુડ હોટેલના સંચાલક પોતાના ઘરમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમી આધારે પોલીસે દરોડો પાડી સંચાલક સહિત ૬ને જુગાર રમતા ઝડપી લઈ રૂ.૭૩,૭૦૦નો મુદામાલ કબજે કર્યો છે. સાતમ-આઠમના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે શહેરમાં ઠેર-ઠેર જુગારના પાટલા મડાઈ ચુકયા છે. ત્યારે જુગારના કેસો કરવાની સુચના અન્વયે પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ. જે.હુણના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે એએસઆઈ ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ ચૌહાણને બાતમી મળી કે કાલાવડ રોડ કોટેચા ચોક આઈસીઆઈસી બેંકની સામે શાંતિનીકેતન સોસાયટીના શ્રી રામ મકાનમાં રહેતા અને બ્લેકવુડ હોટેલ છે. ધરાવતા જનક ભટ્ટી પોતાના ઘરે બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમી આધારે ટીમે દરોડો પાડી મકાન માલિક જનક કરમશીભાઈ ભટ્ટી, કરણ રસીકભાઈ સાકરીયા, આકાશ પ્રકાશભાઈ કણસાગરા, વિશ્વજીતસિંહ વિક્રમસિંહ જાડેજા, મોહીત કમલેશભાઈ પટેલ અને અનીરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા સહિતના ૬ને પકડી પોલીસે રૂ.૭૩,૭૦૦નો મુદામાલ કબજે કર્યો છે.

# ઘડિયાળ રીપેર કરાવવા જતા વૃધ્ધાને સમડીનો ભેટોઃ ૧.૬૦ લાખના ચેઈનની ચીલઝડપ

### અજાણ્યા બાઈક ચાલકની ફરિયાદના અધારે શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર વ્રજધામ એપાર્ટમેન્ટમાં રહેતા મધુબેન અનિલભાઈ દુધરેજીયા(ઉ.વ.૬૫)ગત તા.૧૦ના રોજ ઘરેથી નાણાવટી ચોકમાં ઘડિયાળ રીપેર કરાવવા જતા હતા ત્યારે અજાણ્યા બાઈક ના ચાલકે તેમણે પહેરેલ ૧.૬૦ લાખનો સોનાનો ચેઈન ઝુંટવી લઈ જતા આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

મધુબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૦/૦૮ના રોજ સાંજના હું મારા ઘરેથી નાણાવટી ચોક પાસે આવેલ દુકાન ખાતે મારે ઘડીયાળનું રીપેરીંગ કરાવવું હોય જેથી હું ગયેલ. અને મારી પાસે મારા ગળામાં એક સોનાનો પ્લેન ચેન હતો જેનો વજન ૧૭.૧૨૦ ગ્રામ અને તેની હાલની કીંમત આશરે રૂ. ૧,૬૦,૦૦૦/- છે જે ચેન હું ગળામાં પહેરેલ રાખતી બાદ હું ઘડીયાળની દુકાનેથી ઘડીયાળ રીપેરીંગ કરીને પોણા છએક વાગ્યાની આસપાસ નાણાવટી ચોક પાસેથી ચાલીને રામાપીર ચોકડી તરફ જતી હતી. ત્યારે રસ્તામાં નાણાવટી ચોક થી રામાપીર ચોકડી વચ્ચે આવેલ શિવ શક્તિ ટુલ્સની પાસે પહોંચતાં મારી સામેની બાજુ થી આવેલ એક અજાણ્યા બાઈકના ચાલકે મારા ગળામાં ઝોટ મારી મેં ગળામાં પહેરેલ સોનાનો ચેઈન ખેંચતાં મારા ગળાના ભાગે જટકો લાગતાં હું નીચે પડી ગઈ હતી.

આ મામલે તે બાઈકનો ચાલક હું તેની સામે જોઉ તે પહેલા નાસી ગયો હતો અને ત્યારબાદ મેં મારા દીકરા ચિરાગને ફોનથી જાણ કરીને વાત કરેલ કે, મારો સોનાનો ચેઈન જેનો વજન ૧૭.૧૨૦ ગ્રામ હોય કોઈ અજાણ્યા બાઈકનો ચાલક મારા ગળામાંથી ખેંચીને ઝુંટવી ગયેલ હોય એ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# રસોઈ બનાવતા નહીં આવડતા લંડન ભણતી પરિણીતાને પતિ સહિત સાસરીયાઓનો ત્રાસ

### બાપ વગરની દીકરી સાથે લગ્ન કરાય નહીં કહી મેણા મારતા હતાઃ અમદાવાદના પોલીસમેન સહિતના સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરમાં રહેતી હેમાલીબેન હાર્દિકભાઈ ગઢવી નામની પરિણીતાએ અમદાવાદ રહેતા પતિ હાર્દિક, સસરા કનુભાઈ ગોવિંદભાઈ ગઢવી, સાસુ હિનાબેન, દીયર આશીષ અને કાકાજી સસરા હિતેષભાઈ સામે મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, માવતરના ઘરે છેલ્લા બે વર્ષથી રહેતી હોવાનું અને હાલ ના અભ્યાસ માટે લંડન હોવાનું જણાવ્યું હતું.

ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે, તેના લગ્ન અમદાવાદ ખાતે પોલીસમાં ફરજ બજાવતા ગોવિંદભાઈના પુત્ર હાર્દિક સાથે થયા હતા. એકાદ વર્ષ બાદ તેના સાસુ ઘરકામ બાબતે ઝઘડો કરતા હોય અને તને તારી માએ કોઈ કામ કરતા શીખવાડયું નથી અને તને રસોઈ બનાવતા આવડતું નથી તેમ કહી મેણા મારતા હતા અને તું કાઈ કર્યાવર લાવી નથી તેમજ સસરા કહેતા હતા કે બાપ વગરની પુત્રી સાથે લગ્ન ન કરાઈ, પૈસે ટકે સુખી હોય એવા બાપની દીકરી સાથે લગ્ન કરાય જેથી કરીયાવર સારો આવે તેમજ મારા ભાઈને ફોન કરી કરીયાવરનું ફર્નિચર અને હાર્દિકને ધંધો કરવા માટે પૈસા માંગતા હતા.

બાદમાં હેમાલીબેને પુત્રીને જન્મ આપતા સાસરીયાઓને ગમ્યું ન હતું તે માવતરના ઘરે હોઈ પતિએ તેને જાણ કર્યા વગર તેનો કરીયાવર વેચી દીધો હતો. તેમજ સાસુએ કહ્યું હતું કે તમે ભણેલા છો પણ ગણેલા નથી તમને કઈ આવડતું નથી. તેમજ તેના પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોવાની જાણ થતા પતિને વાત કરતા તેને મારકૂટ કરતા તે પુત્રીને લઈને પિયર ચાલી ગઈ હતી. બાદમાં તેડવા આવેલ નહીં અને તેને લંડન યુનિવર્સિટીમાં અભ્યાસ માટે એડમિશન મળી જતા ત્યાં ચાલી ગઈ હતી. બાદમાં તેના પતિને ફોન કરતા તે સરખી રીતે વાતું કરતા ન હોય અને છૂટાછેડા માટે તેના ભાઈને મારી નાખવાની ધમકી આપતા હોઈ જેથી અગાઉ પોલીસમાં અરજી કરી હતી.

# રાજ્યની મંથલી ક્રાઈમ કોન્ફરન્સ ૧૯ ઓગસ્ટના કેવડિયા - એકતાનગરમાં યોજાશે

રાજ્યનાં વિકાસ સહાયની અધ્યક્ષતામાં ૧૯ ઓગસ્ટના રોજ એકતાનગર કેવડિયા ખાતે રાજ્ય પોલીસ વિભાગની માસિક ક્રાઈમ કોન્ફરન્સ યોજાશે. કેવડિયામાં રાજ્યનાં નું ગાર્ડ ઓફ ઓનરથી સ્વાગત કરાશે. અહી પોલીસ વિભાગમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પોલીસ કર્મચારીઓને પ્રશસ્તિપત્ર એનાયત કરાશે. આ મહત્વપૂર્ણ ક્રાઈમ કોન્ફરન્સમા રાજ્યનાં નવ રેન્જ આઈજી, ચાર શહેરોના પોલીસ કમિશનર, પોલીસ અધિક્ષક સહિત રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ કોન્ફરન્સ દરમિયાન ડીજીપી વિકાસ સહાયે પોલીસ વિભાગનાં જુલાઈ માસ તેમજ જાન્યુઆરીથી જુલાઈ સુધીના છ માસની કામકાજની વિસ્તૃત સમીક્ષા કરશે અને જરૂરી સૂચનો પણ કરશે. રાજ્ય પોલીસના વિવિધ વિભાગોની કામગીરીનાં સરવૈયાની ચર્ચા ઉપરાંત કેન્દ્ર સરકારની મહત્વપૂર્ણ યોજનાઓ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવશે.



# અવસાન નોંધ - પ્રાર્થના સભા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મોઢવણિક જામનગર નિવાસી હાલ રાજકોટ સ્વ.શરદભાઈ મણિલાલ શેઠ ના પત્નિ શારદાબેન શરદભાઈ શેઠ તે જયશ્રી ગાંધી,હેમાંગી મહેતા,મીનલ દાણીના માતુશ્રી. જે સ્વ તારાચંદ મોહનલાલ વોરા ( મોટા ભગત) ના પુત્રી તેમજ નિરંજન શશિકાંતભાઈ શેઠ -PGVCL રાજકોટના કાકી તથા શૈલેષ ગાંધી,રાજેશ મહેતા અને અમિત દાણીના સાસુનું તા ૧૨/૮/૨૦૨૫ના દુઃખદ અવસાન થયેલ છે.

જેમનું બેસણું તથા પ્રાર્થના સભા તા.૧૪/૦૮/૨૦૨૫ ગુરુવારે સાંજે ૫ થી ૬ કલાક દરમ્યાન મોઢ વણિક વિદ્યાર્થી ભવન,૫, રજપુતપરા, માલવીયા પેટ્રોલ પંપ સામેની ગલી રાજકોટ ખાતે રાખેલ છે. સદગત નું દેહદાન તેમજ ચક્ષુદાન કરેલ છે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ-અમદાવાદ હાઇવે પર એરપોર્ટ જવાના રસ્તે રૂ.૨૬.૪૦ લાખના દારૂ ભરેલુ આઇસર ઝડપાયું

## ક્રાઇમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી રાજસ્થાની ટ્રક ડ્રાઇવરને દબોચી લઇ કુલ રૂ.૩૬.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો






**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જન્માષ્ટમીના તહેવારો શરૂ થવાને કલાકોની જ વાર છે ત્યારે શહેર પોલીસે ઠેકઠેકાણે વિદેશી દારૂના દરોડા પાડી લાખોનો વિદેશી દારૂ ઝડપી લીધા બાદ ગત રાત્રીના ક્રાઇમ બ્રાંચની ટીમે રાજકોટ-અમદાવાદ હાઇવે પર હિરાસર એરપોર્ટ જવાના રસ્તેથી રૂ.૨૬.૪૦ લાખનો વિદેશી દારૂ-બિયર ભરેલો આઇસર ટ્રક ઝડપી લઇ એક રાજસ્થાની શખ્સની ધરપકડ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી હકિકત મુજબ ક્રાઇમ બ્રાંચના પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવની સુચનાથી પીએસઆઇ એ.એસ.ગરચર, એએસઆઇ અનીલભાઇ, સમીરભાઇ, કોન્સ. મનીષભાઇ ચાવડા તથા હરપાલસિંહ જાડેજા, સંજયભાઇ સહિતનો સ્ટાફ રાત્રી પેટ્રોલિંગમાં રાજકોટ-અમદાવાદ હાઇવે પર હતા ત્યારે કોન્સ. મનીષભાઇ, હરપાલસિંહ, સંજયભાઇ, વિજયરાજસિંહને સયુકત બાતમી મળી જેના આધારે પોલીસે અમદાવાદ હાઇવે પર હિરાસર એરપોર્ટ જવાના રસ્તે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન આઇસર ટ્રક નંબર જીજે૬બીવી૩૫૭૯માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીછો કરી અટકાવી ટ્રકની તલાસી લેતા તેમાંથી રોયલ બ્લુ ૧૮૦ એમએલ ચપલા નંગ ૪૨૨૪, નોબલ નેટકર વિસ્કી ૧૮૦ એમએલ ચપલા નંગ ૧૩૪૪, ડીએસપી બ્લેક ૧૮૦ એમએલ ચપલા નંગ ૬૦૦૦, પોલ એન્ડ પ્રાઇડ વિસ્કી ૧૮૦ એમએલ ચપલા નંગ ૭૨૦, કિંગ ફીસર બિયરના ટીન ૧૦૫૬ કિંમત રૂ.૨૬.૪૦ લાખનો દારૂ બિયરનો જથ્થો મળી આવતા પોલીસે ટ્રક ડ્રાઇવર રવિન્દ્ર ભગીરથ બેડા (રહે. બેડોકીધાણી ગામ રાજસ્થા)ની ધરપકડ કરી ટ્રક સહિત કુલ રૂ.૩૬.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

## ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં પોણા ચાર લાખના વિદેશી દારૂ સાથે બે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર આવેલા એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં માલવીયાનગર પોલીસે અલગ-અલગ બે સ્થળોએ વિદેશી દારૂના દરોડા પાડી પોણા લાખનો દારૂનો જથ્થો કબ્જે કરી બે બુટલેગરની ધરપકડ કરી છે.

પ્રથમ દરોડામાં માલવીયા નગર પોલીસ મથકના પીઆઇ દેસાઇની સુચનાથી પીએસઆઇ એમ.જે.ધાંધલ, એએસઆઇ કે.બી.શેખલીયા, કોન્સ. જયદીપસિંહ ભટ્ટી, ભાવેશભાઇ ગઢવી સહિતના સ્ટાફે ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આવેલ આંબેડકરનગર શેરી નં.૩માં યશ પાનની સામે રહેતો પ્રકાશ સુરેશ રાઠોડ નામના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડતા ૨૮૮ ચપલા કિંમત રૂ.૩૮૪૬૦નો જથ્થો મળી આવતા બુટલેગર પ્રકાશ રાઠોડની ધરપકડ કરી હતી.

જયારે બીજા દરોડામાં માલવીયાનગર પોલીસે આંબેડકરનગર આસ્થા ચોકડી પાસે ખોડલ પાન નામની દુકાન સામે ખુલ્લા પ્લોટમાં હસમુખ ઉર્ફે દુડી કેશુ વેગડા, બિપીન ઉર્ફે અભી હરેશ સોલંકી નામના બે શખ્સોને ૧૬૮૦ ચપલા કિંમત રૂ.૩.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા ઘોડે સવારી સ્પર્ધા અને તલવાર બાજી સ્પર્ધાનું ૧૫મી ઓગસ્ટે આયોજન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય રાજપૂત યુવા સંઘના અધ્યક્ષ પી.ટી.જાડેજા અને અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ રાજકોટ જીલ્લા પ્રમુખ કિશોરસિંહ જેઠવાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ શુક્રવાર સીતળા સાતમના દિવસે સવારે ૮ વાગ્યાથી સૌપ્રથમ ધ્વજ વંદન કરી રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવશે. શૌર્યને અનુરૂપ ઘોડે સવારી સ્પર્ધા અને તલવાર બાજી સ્પર્ધા સવારે ૮થી શરૂ થશે. જેમાં ધ્રોળનગરના આસપાસના હજારો નાગરીકો દર વર્ષે ખુબ સરસ પુર્વક સ્પર્ધા નિહાળશે. મુખ્ય કાર્યક્રમમાં શ્રધ્ધાંજલિ સમારોહ સવારે ૧૧ વાગ્યાથી ચાલુ થશે. આ વર્ષના વિશિષ્ટ કાર્યક્રમોમાં 'યુવા સાંસ્કૃતિક શપથ સમારોહ'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખરાબ પશ્ચિમી અનુકરણથી સમાજને બચાવવા અને આપણી વિશિષ્ટ પરિવાર સંસ્કૃતિ જાળવી રાખવા હજારો યુવાનો દ્વારા શપથ ગ્રહણ કરવામાં આવશે. માતા-પિતાની પરવાગી વગર લગ્ન ન થઇ શકે. તેવો કાયદો કરવામાં આવે તેવી સરકાર સમક્ષ માંગણી કરવામાં આવશે.

વધુમાં પવિત્ર ગ્રંથ ભગવત ગીતાજીના સોગધ લઇ શપથ લેવામાં આવશે કે, રાષ્ટ્ર ધર્મને હંમેશા પ્રથમ અગ્રતા આપી, વારસામાં મળેલ જમીન વેચવી નહીં, દારૂના વ્યસનથી દુર રહેવું, ઓનલાઇન ગેમ્સથી દુર રહેવું, માતા-પિતાની સંમતી વગર લગ્ન નહીં કરવા, હંમેશા સત્ય ધર્મનું પાલન કરવું, બાળકો-યુવાનોમાં મોબાઇલનો દુરઉપયોગ અટકાવો.

ઉપરોકત ઐતિહાસીક શહિદોને શ્રધ્ધાંજલિ આપવાના કાર્યક્રમમાં સૌ શૌર્ય પૂજન નાગરીકો અને ક્ષત્રિયો મોટી સંખ્યામાં જોડાઇ તેમ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## 'શૌર્યનુ સિંદૂર-લોકમેળા'માં પાંચ દિવસ સુધી જામશે સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગત

### અઘોરી ગૃપ, અલ્પાબેન પટેલ, રૂજુ જાદવ ગૃપ, રાજદાન ગઢવી, અનિરુદ્ધ આહિરના મુખ્ય કાર્યક્રમો, લોકોના મનોરંજન માટે બપોરે ૩.૪૫થી લઇને રાતે ૧૦ સુધી વિવિધ કાર્યક્રમોની વણઝાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા રાજકોટમાં રેસકોર્સ ગ્રાઉન્ડમાં તા.૧૪થી ૧૮ ઓગસ્ટ સુધી 'શૌર્યનું સિંદૂર-લોકમેળો-૨૦૨૫'નુ આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન લોકોના મનોરંજન માટે રોજ બપોરે ૩.૪૫થી લઈને રાતે ૧૦ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગત જામશે. જેમાં અઘોરી ગ્રૂપ, અલ્પાબેન પટેલ, રાજદાન ગઢવી સહિતના જાણીતા કલાકારોના મુખ્ય કાર્યક્રમો યોજાશે. જેમાં અઘોર લોકમેળામાં સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિને અનુરૂપ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા દરરોજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૪મી ઓગસ્ટે રાજુભાઈ ગઢવીનો ડાયરો, ભારતીય હુડો રાસ મંડળ દ્વારા હુડો રાસ, નવધા ટ્રસ્ટ દ્વારા લોકનૃત્ય, બજરંગ યુવા મંડળ દ્વારા ડાંડિયા રાસ, ટિપ્પણી લોકનૃત્ય મંડળ દ્વારા ટિપ્પણી રાસ રજૂ થશે. સાંજે ૭.૩૦થી ૧૦ દરમિયાન અઘોરી ગ્રૂપ દ્વારા રોચક પ્રસ્તુતિ કરવામાં આવશે.

૧૫મી ઓગસ્ટે બપોરે ૩.૪૫થી સાંજે ૭ દરમિયાન વિવેક ઉપાધ્યાય તથા માલવ મારૂ દ્વારા ગુજરાતી ગીતોની કોન્સર્ટ, મધુરમ મ્યુઝિક ગૃપ દ્વારા તબલા-હાર્મોનિયમ, નટવરી ગૃપ દ્વારા ગણેશ વંદના, હર્ષાબેન ઠક્કર દ્વારા સેમિ ક્લાસિકલ, અરવિંદ રાવલ તથા પંકજ પ્રજાપતિ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા જીતેન વિઠલાણી ગૃપ દ્વારા ગરબો રજૂ કરવામાં આવશે. સાંજે ૭.૩૦થી અલ્પાબેન પટેલનો મુખ્ય કાર્યક્રમ રજૂ થશે. ૧૬મી ઓગસ્ટે બપોરે ૩.૪૫થી ૭ દરમિયાન રેખાબેન પરમાર ગૃપ દ્વારા ગુજરાતી ગીતો, રમેશભાઈ વ્યાસ દ્વારા ડાયરો, તુષાર મારુ દ્વારા પિયાનો, શીતલબેન અજાગિયા દ્વારા કીબોર્ડ, તીર્થ અજાગિયા દ્વારા ભજન, તાંડવ નૃત્ય એકેડમી દ્વારા શિવ સ્તુતિ, જિજ્ઞેશ




સુરાણી દ્વારા મિશ્ર રાસ, માલાબેન રાઠોડ ગૃપ દ્વારા સેમિ ક્લાસિકલ તથા પ્રજાપતિ ગૃપ દ્વારા સોલો ડાન્સની પ્રસ્તુતિ કરવામાં આવશે. જ્યારે સાંજે અમદાવાદનું રૂજુ જાદવ ગૃપ રંગત જમાવશે. ૧૭મી ઓગસ્ટે બપોરથી સાંજ સુધી મૌલિક વ્યાસ દ્વારા મેઘાણીનાં ગીતો, શ્યામ મકવાણા તથા અરવિંદ બગથરિયા દ્વારા દેશભક્તિ ગીતો, ક્રિષ્નાબેન સુરાણી દ્વારા નાગદમન, નામ બ્રહ્મ ગૃપ દ્વારા માખણચોરી, નીખીલભાઈ એન્ડ ગૃપ દ્વારા કૃષ્ણ લીલા, સ્પંદન ગૃપ દ્વારા રાજસ્થાની નૃત્ય તથા અરવિંદ રાવલ દ્વારા સોલો ડાન્સ રજૂ કરવામાં આવશે. સાંજે રાજદાન ગઢવી વિવિધ પ્રસ્તુતિઓ થકી રમઝટ બોલાવશે.

૧૮મી ઓગસ્ટે બપોર પછી સિનિયર સિટિઝન ગૃપ દ્વારા જૂના ગીતો, ભરતદાન ગઢવી દ્વારા ડાયરો, સ્વર સંગીત એકેડમી દ્વારા શિવસ્તુતિ, શંખનાદ એકેડમી દ્વારા સેમિ ક્લાસિકલ, વિરંચી બુચ ગૃપ દ્વારા અર્વાચીન ગરબો તથા શ્રી વૃંદ ગૃપ દ્વારા પ્રાચીન ગરબો રજૂ કરાશે. જ્યારે સાંજે કચ્છના અનિરુદ્ધ આહીરનો મુખ્ય કાર્યક્રમ યોજાશે.

## રામનાથ મંદિર પાસે પોલીસની જીદ ના કારણે માથાકૂટ થતાં સ્હેજમાં અટકી

### દર્શનાર્થીઓની ભારે ભીડ વચ્ચેથી પીસીઆર લઇ જવાની ના કહેતા ચકમક ઝરીઃ પોલીસે વિવેક બુધ્ધિથી કામ લેવું જરૂરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં શ્રાવણ માસમાં રોજિંદા હજારો શિવ શ્રધ્ધાળુઓ રામનાથ મહાદેવ મંદિરે દર્શનાર્થે આવતા હોય છે એમાંય સોમવારે તો હૈયેહૈયુ દળાય કે પગ ન મુકી શકાય તેવી ભીડ હોય છે. આવી ભારે ભીડ વચ્ચે પોલીસ સ્ટાફે પીસીઆર લઈ જવાની જીદ પકડતા સ્થાનિકો સાથે 'તું-તું, મેં-મેં થઈ પડી હતી અને માથાકૂટ સ્હેજમાં અટકી હતી. શ્રાવણના સોમવારે રામનાથ મહાદેવ મંદિરથી પ્રવેશ માર્ગ પર નજીકના ચોક પાસે રામનાથ સેવક મંડળ દ્વારા ફરાળ વિતરણ પણ કરવામાં આવે છે. મોડી સાંજ બાદ રાતે દર્શનાર્થીઓ અને પ્રસાદ માટે માર્ગ પર ભારે ગીર્દી રહે છે.

ગત સોમવારે અસંખ્ય દર્શનાર્થીઓ ઉમટ્યા હતા. મહિલા, પુરૂષો, બાળકો, વૃધ્ધો હતા. પગપાળા પણ ન નીકળી શકાય એવી ભીડ હતી. એ સમયે પીસીઆર આવી હતી. આગળ ભીડના કારણે સેવાભાવી મંડળ દ્વારા બેરીકેડ્સ લગાવી રસ્તો ડાયવર્ટ કરાયો હતો. પીસીઆરને ફરીને જવા કહેવાયું હતું. જો કે ત્યાંથી જ જવાનો આગ્રહ અને બંદોબસ્ત હોવાનું જણાવીને પોલીસે એ જ માર્ગ પરથી પસાર થવાનો આગ્રહ રાખતા ત્યાંના સ્થાનિક અગ્રણી ભાજપના જીતુભાઈ મહેતા અને અન્યો સાથે પોલીસને ચકમક ઝરી હતી. અંતે પોલીસની પીસીઆરએ ભીડવાળા માર્ગેથી જ પસાર થઈ મંદિર તરફ ગઈ હતી.

પોલીસ ખરી હોય કે બંદોબસ્ત પેટ્રોલિંગ હોય પરંતુ ભીડ જોઈને વ્યવહારૂ માર્ગ સાથે રામનાથપરા મેઈન રોડ પર થઈને પણ મંદિર તરફ જઈ શકાયું હોત. આવી જીદના બદલે પોલીસે ભીડ અને દર્શનાર્થીઓને ધ્યાને લઈ વિવેક બુધ્ધિથી કામ લેવું જોઈએ તેવો ભાવિવકોમાં ગણગણાટ ઉભર્યો હતો.

## રાજકોટમાં કારખાનેદારનો ઝેરી દવા પી આપઘાત

### બેંકે જેવાનું કહી નીકળેલા યુવાને માર્કેટ યાર્ડ પાસે આત્મઘાતી પગલું ભરી લીધું; પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહેતાં નવપરિણીત કારખાનેદાર યુવાને બેંકે જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ માર્કેટ યાર્ડ પાસે અગમ્યકારણોસર ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, ૧૫૦ ફુટ રીંગ રોડ પર બાલાજી હોલની પાછળ રહેતાં વિરાજ જેન્તીભાઈ જસાણી (ઉ.૨૫) નામના યુવાને બપોરે માર્કેટ યાર્ડ પાસે ઝેરી દવા પી લેતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ અંગે બી-ડીવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક વિરાજ બે ભાઈ એક બહેનમાં નાનો અને તેના લગ્ન છ મહિના પહેલા જ થયા હતાં તે તેના પિતા સાથે કારખાનું ચલાવતો હતો. ગઈકાલે બેંક જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ માર્કેટ યાર્ડ પાસે આ પગલું ભરી લીધું હતું. તેણે આપઘાત શા માટે કરી લીધો તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. યુવાન પુત્રના મોતથી પટેલ પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

## રાજકોટમાં શરાફી મંડળીનું કારસ્તાન, ડિપોઝીટરોના લાખો રૂપિયા હડપ કરી લીધાનો આરોપ

### ચાર-ચાર વર્ષ ધક્કા ખાધા, ગૃહમંત્રીને મળ્યા બાદ લાખો ગુમાવનાર આધેડની નોંધાઇ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં શરાફી મંડળીઓના કર્તાહર્તાઓ થાપણદારોના લાખો, કરોડો રૂપિયા લઈને ઉઠી જતાં હોય છે કે મંડળીઓને તાળા મારી દેતા હોવાના આવા વધુ એક કિસ્સામાં સહકારનગર મેઈન રોડ પર જમનાનગર સોસાયટીમાં શ્રી પ્રણામી શરાફી સહકારી મંડળીના અમિત રણછોડભાઈ કમાણીએ પણ લાખો રૂપિયા ઓળવી જઈ મંડળીને તાળા મારી રોકાણકારો સાથે છેતરપિંડી આચર્યાના બનાવમાં છેતરાયેલા લોધીકાના વતની રોકાણકાર કિશોરભાઈ બાબુભાઈ વેકરિયાએ ભક્તિનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી કિશોરભાઈ તથા આરોપી અમિત કમાણી બન્ને એક જ ગામના હોવાથી વિશ્વાસે કિશોરે મંડળીમાં ૨૦૧૬માં ૧૯.૫૦ લાખનું રોકાણ કર્યું હતું જેની સામે મંડળીની પહોંચ પછી આપીશું કહી પહોંચ આપી નહીં. નોટબંધી સમયે મંડળી બંધ કરી દીધી. ઉઘરાણી કરતાં પાંચ લાખ પરત આપ્યા. ૧૪.૫૦ લાખ માટે અવારનવાર ઉઘરાણી કરી તો કોઈને કોઈ બહાના જ બતાવ્યે રાખતો હતો. અમિત વિરૂધ્ધ ૨૦૨૧માં પોલીસમાં અરજી કરી ત્યારે અમિતે બેઠક કરશુંનો વાયદો કર્યો હતો. ગામનો જ વ્યક્તિ હોવાથી વિશ્વાસ મુક્યો હતો. અનેક રજૂઆતો બાદ અંતે ભક્તિનગર પોલીસે હવે ગુનો નોંધ્યો છે.

નાણાં આવ્યા ન હતા. ફરિયાદી કિશોરભાઈએ એવો પણ ઉકળાટ ઠાલવ્યો હતો કે ચાર-ચાર વર્ષથી ફરિયાદ માટે ધક્કા ખાતો હતો. પોલીસ કમિશનરને રજૂઆતો કરી, ડીજીપી સુધી મળ્યો હતો. છેલ્લે ગત તા.૨૧ના ગૃહમંત્રી હર્ષ સંઘવીને મળ્યો હતો. બધા આધાર-પુરાવા સાથે રજૂઆત કરી હતી. બાદમાં હવે ફરિયાદ નોંધાઈ છે. અગાઉ ફરિયાદ માટે જતો તો પોલીસ અરજી લઈને નિવેદનો નોંધી લેતી હતી. ગુનો દાખલ થતો ન હતો. એવો પણ આક્ષેપ કર્યો છે કે આરોપી અમિતે અન્ય ઘણાના આવી રીતે નાણાં ડૂબાડયા છે. લાખો રૂપિયાની કારમાં ફરે છે, વિદેશની ટૂરો કરે છે પરંતુ રોકાણકારોને નાણાં પરત આપતો નથી. ફરિયાદમાં ધરણાં કર્યા હતા. એક વખત આપઘાતનો પ્રયાસ પણ કર્યો હતો. ગાંધીનગર હર્ષભાઈને મળ્યો ત્યારે ત્યાંથી એવું કહેવાયું હતું કે રાજકોટમાં ગૃહમંત્રીનો લોક દરબાર છે ત્યાં રજૂઆત કરવા આવજો. લોક દરબારમાં રજૂઆત માટે પહોંચતા પોલીસે મળવા ન દીધો અને વાહનમાં બેસાડીને ત્યાંથી લૂઈ ગયા. સાંજે પાંચ વાગ્યે મુક્ત કર્યો હતો. જો આધેડના આક્ષેપો સત્ય હોય તો રાજકોટ પોલીસની નીતિરીતિ યોગ્ય ન ગણાય.

## ગ્રીનલેન્ડ ચોકડીથી શાપર સુધી સર્વિસ રોડ સિમેન્ટથી બનાવવા માંગણી કરાઈ

### કોઠારીયા ચોકડી ફલાયઓવર બ્રીજ અને રામવન પાસે નવો ઓવરબ્રિજ બનાવવાની સાસંદની રજૂઆતને સફળતા મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ગ્રીનલેન્ડ ચોકડીથી શાપર સુધી સર્વિસ રોડ તથા કોઠારીયા ચોકડી ફલાયઓવાર વાર બ્રીજ અને રામવન પાસે નવો ઓવરબ્રિજ બનાવવાની સાસંદ (રાજ્યસભા) રામભાઈ મોકારીયાની રજૂઆત ને સફળતા મળી છે. હાલમાં પાર્લામેન્ટનું ચોમાસું સત્ર ચાલુ છે. આ દરમ્યાન રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરીયાએ કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે વિભાગના મંત્રી નીતિન ગડકરી ને મળીને લેખિત તથા રૂબરૂ રજૂઆત કરેલ કે રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર આવેલ શાપર/વેરાવળમા થયેલ ભારે ઔધ્યોગીકરણના કારણે રાજકોટથી શાપર વચ્ચે



ભારે ટ્રાફિક રહે છે જે ધ્યાને લઈ ગ્રીનલેન્ડ ચોકડીથી શાપર સુધીના સર્વિસ રોડને અપગ્રેડ કરી સિમેન્ટ રોડ બનાવવા તથા બોલબાલા માર્ગ પરની કોઠારીયા રીંગ રોડ પરની ચોકડી પર ફલાયઓવર બ્રીજ બનાવવા અને રામવન (મીરા ઉદ્યોગ)પાસે નવો ઓવરબ્રિજ બનાવવાની રજૂઆતકરવામાં આવી છે

## ગોંડલના યુવાનનું જસદણના કનેસરા નજીકથી અપહરણ કરી ખંડણી માંગી

### પ્રેમ પ્રકરણમાં ઉઠાવી જઈ માર મારી ૧.૮૦ લાખની ખંડણી માંગી, ચાર સામે હત્યાના પ્રયાસની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં શિવમ સોસાયટીમાં રહેતા હરેશગીરી ઉર્ફે રવિ ગીરધરગીરી ગોસ્વામી (ઉ.વ.૩૭)એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં કનેસરાના ચંદુ ઉર્ફે સંજય સુખાભાઈ મકવાણા, દિનેશ સુખા મકવાણા અને ખોડા તેમજ સાગર નામના આપ્યા હતા હરેશગીરીનું ચારેય શખ્સોએ કનેસરાથી અપહરણ કરી ગોંધી રાખી રૂા.૧.૮૦ લાખની ખંડણી માંગી હત્યાનો પ્રયાસ કર્યો હતો. હરેશગીરીએ પોલીસને જણાવ્યું કે ગઈ તા. ૧૦નાં અજાણ્યા શખ્સે તેને



કોલ કરી તમને શાપરથી અમરેલી મજૂરને મૂકવા ફોન કરેલ હતો તે ભાઈ બોલુ છું, આજે પણ રીબડા બે મજૂરને વીરનગર અને વીરનગરથી આઠ મજૂરને અમરેલી મૂકવા જવાનું છે તેમ કહેતા વાતચીત થયા બાદ તે રીબડા ગયા હતાં. જ્યાંથી બે શખ્સો તેની ગાડીમાં બેસી જતાં ભાડુ નક્કી કરી તમામ રવાના થયા હતાં. રીબડાથી વીરનગર થઈ કનેસરા પહોંચતાં આ શખ્સો તેને ધાકધમકી આપી, ડ્રાઈવર સીટ નીચે ઉતારી, તેની જ કારમાં અપહરણ કરી ગયા હતાં. થોડે આગળ જતાં આરોપીઓએ તેને નીચે ઉતારી એકે તેની આંખમાં મરચું નાખ્યું હતું જ્યારે બીજાએ તેની કારની પાછળનો દરવાજો ખોલી, દરવાજાનો જમ્પ તોડી એક માથામાં ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

બાદમાં બંને તેને મારફૂટ કરવા લાગ્યા હતા. આ સમયે ત્રીજો આરોપી ત્યાં આવ્યો હતો. તેણે પણ મારકૂટ કરતાં તે અર્ધબેભાન થઈ ગયા હતાં. આ ત્રણેય વાતચીત કરતાં હોય તેમાં એક ખોડા બાવળિયા, સંજય મકવાણા અને સાગર બોલતા હતાં. તેની આંખ ખુલતા જોયું તો અગાઉ તેના ગોંડલ મકાનનો બાજુમાં રહેતો કનેસરાનો ચંદુ ઉર્ફે સંજય મકવાણા પણ હતો. ત્યાંથી તેને ફરી બાઈક પર થોડે દૂર પવનચક્કી પાસે લઈ જઈ ખાડામાં રખાયો હતો. જયાંથી તે ભાગીને એક વાડીએ જતો રહ્યો હતો. ત્યાંથી તેના મિત્રોને ફોન કરી જાણ કરી હતી.

આ સમયે આરોપી દિનેશ ફરી ત્યાં આવ્યો હતો અને વાડી માલિકને તે પોતાનો સંબંધી હોવાનું કહી ફરીથી બાઈક પર અન્ય પવનચક્કી પાસે લઈ ગયો હતો. બાદમાં આરોપીઓએ અમને રૂા. ૨૦ હજાર આપ તો જ તને જવા દઈશું કહેતા તેણે તેના મિત્ર દિગ્વિજયસિંહને કોલ કરી રૂા. ૨૦ હજાર આપી જવાનું કહ્યું હતું. ત્યાર-બાદ આરોપી સંજયે મારે હવે રૂા. ૨૦ હજાર નથી લેવા, તું હવે મને મારી ઘરવાળીને તારો મિત્ર પુનિત થોડાક મહિના પહેલા ભગાડીને લઈ ગયેલ હતો, તેના મારા દીકરાના નામે રૂા. ૧.૮૦ લાખ આપ તો તને જવા દઈશું તેમ વાત કરી હતી. આ સમયે પોલીસ આવી જતાં આરોપીઓને પકડી લઈ કાર્યવાહી કરી હતી. આરોપી સંજયની પત્ની અને હરેશગીરીના મિત્ર પુનિત રાઠોડ વચ્ચે પ્રેમ સંબંધ હોવાથી બંને ભાગી ગયા હતાં. ત્યારે તે તેની ગાડી લઈને ભાડે જતાં પુનિત તેનો મિત્ર હોવાનો ખાર રાખી અપહરણ કરી, હુમલો કરાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું, આ મામલે ભાડલા પોલીસે ગુનો નોંધી ચારેયને સકંજામાં લીધા છે.